
આરોગ્ય સિન્ધુના ગ્રાહકોને ભેટ.

આરોગ્ય સિન્ધુ ગ્રન્થમાળા પુષ્પ ૩જું.

વૈદક ચિકિત્સાસાર.

ભાગ ૨ જો.



લેખક -

વૈ. ગોપાળજી કુંવરજી ઠક્કુર, આયુર્વેદાચાર્ય,

કરાચી (સિંધ)

અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ, સેંકડો વખત અનુભવમાં
સિધ્ધ થએલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ.

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૨ જો)

લેખક અને પ્રકાશકઃ—
આયુર્વેદાચાર્ય વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.
નિ. ભા. આયુર્વેદ મહામંડળની સિન્ધ પ્રાંતિય સ્થાયી
સમિતિના મંત્રીઃ તથા નિ. ભા. આયુર્વેદ
વિદ્યાપીઠ (કાનપુર) ના કરાચી કેન્દ્રના
વ્યવસ્થાપકઃ
માલેકઃ ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી. (રજીસ્ટર્ડ)
તંત્રીઃ "આરોગ્ય સિન્ધુ" કરાચી.

સને ૧૯૨૫ ડીસેંબર   પ્રત ૧૦૦૦   સંવત ૧૯૮૨

મુલ્ય આના ૧૨.

બંન્ને ભાગ સાથે રૂા ૧-૮-૦

તરૂણ-સાગર પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ પ્રકાશકને
માટે છાપ્યું, કેમ્પબેલ સ્ટ્રીટ,-કરાચી.

પરમ પુજ્ય,

શ્રીમાન ડૉ. આર. જે. વેદાંત

નિવાસ સ્થાનઃ વડગાદી, મુંબઇ.

આપ આયુવેદ વૈદ્યકના પરમ ઉપાસક છો. દેશી વૈદ્યક્ની મારી દરેક પ્રવૃતિ પ્રત્યે આપ સારી લાગણી અને માન રાખી દરેક પ્રકારે મને ઉત્સાહીત રાખો છો. તેમજ મારા વિદ્યાભ્યાસ વખતે મને એક મુરબ્બી અને વડીલ તરીકે આપે અનેક પ્રકારે સહાયતા અને સાધનો આપી મારા વિચારોને દ્દઢ અને પરિપૂર્ણ રૂપે વદ્યકમાં ટકાવી રખાવ્યા છે. આ સર્વ આપના સદગુણો યુક્ત મારા પરના અનેક ઉપકારોથી હું માત્ર ત્હેની યાદગીરી રૂપે આપનું શુભ નામ આ મારા એક નાનકડા પુસ્તકમાં અમર રાખવા આ વૈદ્યક ચિકિત્સાસાર બીજો ભાગ આપના ચરણ કમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉ છું.

લી૦ હુ છું આપનો બાળક,
વૈદ્ય ગોપાલજી ઠકકુર,
ના સવિનય પ્રણામ

પ્રસ્તાવના.

હાલના સમયમાં પ્રાંતિક ભાષામાં વૈદ્યકનાં કેવાં પુસ્તકો પ્રગટ કરવાની જરૂર છે તે જાણવા માટે મેં મ્હારા તરફથી ગયા વર્ષમાં વૈદ્યક ચિકિત્સાસાર ભા. ૧ લો જેમાં મારી ફાર્મસીમાં તૈયાર થતી અને મારા અનુભવમાં જે જે દવાઓ ઠીક જણાઇ તેનો સંગ્રહ બ્હાર પાડેલ હતો. આ સંગ્રહને જન સમાજ તરફથી ઠીક વધાવી લેવામાં આવ્યો છે. આ સંગ્રહના અનુસંધાનમાંજ આ વૈદ્યક ચિકિત્સાસાર ભા. ૨ જો લખી બ્હાર પાડવામાં આવે છે. જેવી રીતે પેહ્લા ભાગનો સંગ્રહ સમાજને ઉપયોગી જણાયો છે તેવીજ રીતે મને આશા છે કે આ બીજો ભાગ પણ ઉપયોગીજ થશે આમાં મેં મારા ખાનગી કે શાસ્ત્રીય પ્રયોગોનો કંઇપણ ભેદ રાખેલ નથી માત્ર જેમાં મને પુરી ખાત્રી છે ને અને જે વૈદ્યોના અનુભવમાં યોગ્ય જણાયું છે તેજ આમાં મેં દાખલ કરેલ છે.

પ્રથમ ભાગ માટે હિંદી અને બંગાળી વૈદ્યોએ આ ગ્રન્થ માટે "આ સમયને અનુકુળ અને બહુજ ઉપયોગી વસ્તુ છે" એવો અભિપ્રાય આપી તેનો લાભ લીધો છે. ગુજરાતમાં આવી શૈલીનું આ પ્રથમજ પુસ્તક હોવાથી ગુજરાતના વૈદ્યોએ તથા વૈદ્યક પ્રેમી ગૃહસ્થોએ અને બીજા પત્રકારોએ પોતાનો મત આ ગ્રન્થને માટે બહુજ સારો આપ્યો છે એ જાણી મને મારો શ્રમ સફળ થયો છે એમ સમજી વધુ ઉત્સાહથી આ કાર્ય ચાલુ રાખેલ છે. અને આ શૈલીનાં ચાર ભાગ પુરા કરવા પુરો નિશ્ચય કરેલ છે. બીજા બે ભાગ માટે ચૂંટણી થઇ ગઇ છે અને તે બને તેટલી ત્વરાથી પ્રગટ થઇ જશે.

આ ચુંટાયલા પ્રયોગોમાં જે જે ગ્રન્થમાંથી કે કોઇ સંગ્રહમાંથી જેના જેના ઉપાયો લેવામાં આવ્યા છે તેને માટે તે સર્વ ભાઇઓનો હું આ સ્થળે આભાર માનું છું.

પહેલા ભાગના વાંચનારાઓએ મને એક સૂચના આપી હતી કે દરેક પ્રયોગ કયા કયા ગ્રન્થનો છે તેનું નામ આપવું. મને આ સૂચનાં

ગમીછે પણ તેનો અમલ આ વખતે થયો નથી. તેનું કારણ કે પ્રથમ ભાગમાં તે થયું નથી. અને બીજા ત્રીજામાં થાય તે ઠીક નથી. એટલે હવે તો બીજી આવૃતિમાં આ સુધારો અવશ્ય કરી દેવામાં આવશે.

આરોગ્ય સિન્ધુના ગ્રાહકોને આ પુસ્તક સને ૧૯૨૫ માં જેઓ ગ્રાહક તરીકે રહી લવાજમ ભરી ચુકયા છે તેમને ભેટ આપવામાં આવશે જ્યારે છુટક ખરીદનારાઓને માટે માત્ર બારજ આના રાખવામાં આવેલ છે.

આવી ઢબનાં સરળ ભાષામાં વૈદ્યકનાં પુસ્તકો પ્રગટ થવાથી સાધારણ જનસમાજ કે જે દેશી દવાઓ વાપરવાની ઇચ્છા રાખે છે તેને બહુજ ઉપયોગી થઇ પડેલ છે. વિદેશી દવા વાપરનાર ડૉકટરો અને બીજા ગૃહસ્થો પણ આમાંથી ઠીક લાભ ઉઠાવી શકયા છે. તેનું કારણ કે સરળ ભાષામાં અને ટુંકાણમાં, ખાસ ઉપયોગી બાબતોની માહીતી સાથેજ આ પુસ્તકમાં દરેક પ્રયોગ ગોઠવાયા છે, જેથી કોઇ પણ પ્રયોગ બનાવી વાપરતાં તેમને જરાપણ તકલીફ જણાંતી નથી અને તેથી તેમને ફાયદો પણ થયો છે, ખર્ચમાં ફાયદો થવાની સાથે તેઓ દેશી દવા વાપરવા પણ અવશ્ય લલચાય છે. આથી મને પુરી ખાત્રી થઇ છે કે આવી શૈલીનાં પુસ્તકોથી સાધારણ શિક્ષીત વર્ગમાં અને ડૉકટરોમાં આયુર્વેદિક ઔષધોનો પ્રચાર જલદીથી અને સરળતા થઇ શકે છે ખરો.

છેવટે આ કાર્યમાં મને સહાનુભૂતિ આપી ઉત્સાહ આપનાર આરોગ્ય સિન્ધુના ગ્રાહકોનો અને બીજા ફાર્મસીના ગ્રાહક વર્ગનો પણ હું આ સ્થળે આભાર માનું છું કેમકે તેમની સહાનુભૂતિ શિવાય આ બીજો ભાગ પ્રગટ થાત કે કેમ ? તે નિશ્ચય નહોતું. અંતમાં પરમકૃપાળુ પરમાત્માનો આભાર માનું છું કેમકે તેમની કૃપા શિવાય તો આમાંનું કંઇપણ થઇ શકેજ કયાંથી.

આપનો નમ્ર સેવક.

વૈદ્ય ગોપાલજી ઠકકુર.

ભાગ બીજાની અનુક્રમણિકા.

श्रीधन्वन्तरये नमः

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૨ જો.)

૧૨૭ સ્નાનરજ ચૂર્ણ.

બનાવટ—લોદર, વજ, ધાણા, હળદર, દારૂ હળદર, શુદ્ધમનશીલ મરસવ, મગની દાળનો લોટ, પ્રથમની સાત દવાઓ દરેક એકેક તોલો લેવી. જ્યારે છેલ્લી દવા તે સાત દવાઓના વજન જેટલી લેવી અને તેનું ચૂર્ણ કરી બાટલી ભરી રાખવા.

ઉપયોગ—ઉપરના ચૂર્ણને થોડાક પાણીમાં ચોળી શરીર પર ઘસવું. અને તેને પાચ દશ મીનીટ સુધી શરીરપર મસળી ઠંડા જળવડે સ્નાન કરી લેવું.

ફાયદો—આ પ્રમાણે સ્નાન કરવાથી ચામડી સ્વચ્છ અને તેજસ્વી બને છે. ખરાબ પસીનાને લીધે આવતી ગંધ દુર થઇ શરીરમાંથી સારી વાસ આવે છે. અને ચામડીનાં દરદો મટી ચામડી રેશમ જેવી બને છે.

સૂચના—નહાતી વખતે દવાનો ભાગ પેટમાં નજાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.

---

૧૨૮ અગ્નિમુખ ચૂર્ણ.

બનાવટ—

હિંગ તો. ૧	વજ તો. ૨
પીપર તો. ૩	શુંઠ તો. ૪
અજમો તો. ૫	હરડે છાલ તો. ૬
ચિત્રકમુળની છાલ તો. ૭	ક્ડપલેટ તો. ૮

રીત—દરેક દવાનું છુટું છુટું ચૂર્ણ લઇ વાટી મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૨થી ૨૪ રતીભાર અથવા બેથી ચાર આનીભાર.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે.

સમય—દિવસમાં ત્રણ વખત જમવા પહેલાં.

ઉપયોગ—હોજરીને બળ આપે, ખોરાક પચાવે, વાયુને ઓછો કરે, દસ્ત સાફ લાવે, અગ્નિદીપન કરી વાયુ, ગોળો. મંદાગ્નિ, કફ, ઝાડા, સુંઠ વગેરે મટાડે છે.

---

૧૨૯ તાલીસાદી ચૂર્ણ.

બનાવટ—તાલીશ પત્ર ૧ તોલો, મરી ૨ તોલા, શુંઠ ૩ તોલા, પીપર ૪ તોલા, વંશલોચન તોલા ૫, તજ ૦ા તોલો, એલચી ૦ા તોલો, સાકર તોલા ૩૨ એનું બારીક ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦। થી ૦ા તોલો.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અરૂચી, ખાંસી, ઉલટી, હ્રદયરોગ, પડખાનું શુળ, વગેરે મટી ભૂખ લગાડે છે.

---

૧૩૦ ચોપચીનીઆદિ ચૂર્ણ.

બનાવટ—ચોપચીની તોલા ૧૬ સાકર તોલા ૪ પીપર, પીપરી મુળ, મરી, લવંગ, અકલકરો, શુંઠ, વાવડીંગ, હરડે, બહેડાં, આમડા અને બંગભસ્મ એ દરેક અર્ધ અર્ધ તોલો લેવાં. તેનું ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦। થી ૦ા તોલો.

અનુપાન—મધ અથવા ઘી સાથે.

ઉપયોગ—વીશ પ્રકારનો પ્રમેહરોગ, ઉપદંશ રોગ, વાતરક્ત, વ્રણ, કુષ્ટ. ગરમીનો સંધીવા, ધાતુક્ષીણતા, વાયુ વગેરેમાં સારો ફાયદો આપે છે.

૧.૩૧ મહાપંચનિંબ ચૂર્ણ.

બનાવટ—લીંબડાનું પંચાગ તોલા ૧૫, લોહભસ્મ, હીમેજ, કુવાડીયાના બીજ, ચિત્રકમુળ. ભીલામ, વાવડીંગ, સાકર, આમળા, હળદર, પીપર, મરી, શુંઠ. બાબચી, ગરમાળાનો ગોળ, ગોખરૂ એ દરેક વસ્તુ એકેક તોલો લેવી.

રીત—ઉપરની દવાઓ ખાંડી કપડે ચાળી તેને ભાંગરાના રસની, ખેરના કવાથની, બીબલાના કવાથની, એકેક ભાવના આપી સુકવી કપડે ચાળી બાટલીમાં ભરી લેવું.

અનુપાન—મંજીષ્ઠાદિ કવાથ અથવા ખેરના કવાથ સાથે.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ચામડીનાં તમામ દરદો તથા કુષ્ટરોગ અને રકતવિકાર મટે છે. દવા લાંબો વખત લેવી જોઇએ.

---

૧૩૨ લવંગાદિ ચૂર્ણ.

બનાવટ—લવંગ, કપુર, એલચી, તજ, નાગકેશર, વાળો, જાયફળ, શુંઠ, શાહજીરૂં, કાળોઅગર, વંસલોચન, જટામાસી, કાળુંકમળ, પીપર. સુખડ, તગર, વાળો, કંકોળ, એ સર્વ એકેક તોલો લઇ તેનું ચુર્ણ કરી કપડે ચાળી લેવું અને તેમાં વાટેલી સાકરનો ભુકો તોલા ૯ મેળવી રાખવું.

પ્રમાણ—બે થી ચાર આની ભાર.

અનુપાન—મધ અથવા પાણી.

ઉપયોગ—ક્ષય, ખાંસી, કંઠનોરોગ, હેડકી, પીનસરોગ, શ્વાસ, અતિસાર, પ્રમેહ, ઉરઃક્ષત, અરૂચી, ગુલ્મ, સંગ્રહણી વગેરેમાં ઠીક છે.

૧૩૩ સરસ્વતિ ચુર્ણ.

બનાવટ—કુષ્ટ, આસુંદ સિંધાલુણ, અજમોદ, જીરૂં, શાહ-જીરૂં શુંઠ, મરી, પીપર, કાળીપાટ, સંખાવળી. એ દરેક એકેક તોલો તથા ઘોળોવજ તોલા ૧૧ લઇ વાટી ચુર્ણ કરી કપડે ચાળી તેને બ્રાહ્મીના સ્વરસની કે કવાથની ત્રણ ભાવના આપી સુકવી લેવું.

પ્રમાણ—ા થી ાા તોલો. સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ અને ઘી સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ઉન્માદ, અપસ્માર, મગજનાં દરદો મટાડી બુદ્ધિને વધારે, યાદશકિત ખીલવે, ધીરજ અને સ્મરણ શકિત વધારે. વિદ્યાર્થીઓ પાટે તેમજ અભ્યાસ કરનારા સુરત બાળકો માટે સારૂં ગણાયછે.

૧૩૪ હરસની અકસીર દવા.

બનાવટ—શુદ્ધ ગંધક વાલ ૨ ક્રીમ ઓફ ટારટર (વિલાયતી દવા છે) વાલ ૪

રીત—ઉપરની દવાને ખરલમાં ઘુંટી બે પડીકાં કરવાં.

અનુપાન—માખણ સાથે દવા ચાટી જવા.

સમય—સવાર સાંજ એકેક પડીકું લેવું.

ઉપયોગ—હરસમાં પડતું લોહી બંધ કરે, અને દસ્ત સાફ લાવી પીડા ઓછી કરે છે.

૧૩૫ યકૃતરોગનાશક પ્રયોગ.

બનાવટ—કડુ તોલા ૨૦ નવસાગર તો. ૧૦
સિંધાલુણ તો. ૪ સંચળ તો. ૪
હીંગ તો. ૨

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ કરી તેને પ્રથમ ગૌ મુત્રની તથા ચિત્રકના કવાથની અને કુંવારના રસની ત્રણ ત્રણ ભાવનાઓ આપી ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—દરેક વખતે બબે ગોળી.

સમય—દિવસમાં ત્રણ વખત,

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે અથવા કુમાયાસવ સાથે

ઉપયોગ—યકૃત, પ્લીહા, પેટની કોઇ પણ ગાંઠ આ પ્રયોગથી બરાબર મટી ભુખ લાગે છે અને લોહી સાફ થઇ પેટ ચોખું થાય છે.

---

૧૩૬ ક્ષયહર પ્રયોગ.

બનાવટ—ગળોસત્વ તો. ૦॥ પીપર તો. ૦।

સુવર્ણમાક્ષિક ભસ્મ તો. ૦। પ્રવાલ ભસ્મ તો. ૦।

રીત—ઉપરની દવા વાટી તેના આઠ પડીકાં બનાવી લેવાં તેમાંથી દીવસમાં ચાર પડીકાં દર ત્રણ ત્રણ કલાકે મધ સાથે આપી ઉપર દુધ પીવરાવવું.

ઉપયોગ—નબળાઇ, ક્ષય, ક્ષીણતા, શરીરની કૃષ્ણતા, ઉધરસ, શ્વાસ, જીર્ણજ્વર વગેરે મટે છે.

---

૧૩૭ ક્ષય કેસરી યોગ:

બનાવટ—મરી, પીપર, ફુલાવેલીફટકડી, નવસાર એ દરેક બે બે તોલા, શુદ્ધ વછનાગ ૧ તોલો મેલવી તેને બારીક વાટી રાખવું.

પ્રમાણ—૧ થી ૩ રતીભાર. દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સાકરના ભુકામાં ઉપરની દવા લેવી. અને ઉપર દુધ પીવું.

ઉપયોગ—ક્ષય, ઉધરસ, શળેખમ, શરદી, તાવ અને ઉંટાટી-આની ખાંસી મટે છે.

૧૩૮ પુષ્યાનુગ ચુર્ણ.

બનાવટ—કાળીપાટ, રસવંતી, મોથ, જાંબુના ઠડીયા, આંબાની ગોટલી, પાષાણભેદ, લોદર, મજીઠ, કમળનીકેશર, બીલીનો ગરભ, મોચરસ, નાગકેશર, સોનાગેરૂ, શુંઠ, કાયફલ, મરી, રકતચંદન, અરડુસો, ધાવડીનાં ફુલ, દ્રાક્ષ, સારીવામુળ, જેઠીમધ, કડાછાલ, અતિવિષ, અર્જુનછાલ, કાળીપાટ, સમભાગે લઇ ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર ચોખાનું ધોણ પીવું.

પ્રમાણ—૦૧ તોલો સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રદર, રકતપ્રદર, રકતાર્શ, અતિસાર, રકતાતિસાર, યોનીદાહ, ક્રમિરોગ, ઋતુદોષ વગેરે મટે છે. આ દવા ખાસ કરી પ્રદર રોગમાં બહુજ વપરાય છે.

૧૩૯ દશન સંસ્કાર ચુર્ણ.

બનાવટ—શુંઠ, હરડેછાલ, મોથ, કાથોઉંચો, બાળેલી સોપારીના કોલસા, મરી, લવંગ, તજ એ દરેક ચીજ એકેક તોલો લેવી તથા ચાકનો બારીક ભુકો તોલા ૮ લેવો.

રીત—દરેક ચીજને વાટી ધુંટી કપડે ચાળી લેવું.

ઉપયોગ—આ મંજન સવારે દાંતે ઘસવાથી દાંત સાફ રહે છે દરદ મટે છે, પરૂ થતું અટકે છે. મોઢાનાં દરદો મટી દાંત મજબુત બને છે. મોઢામાંથી ખરાબ વાસ નીકળતી બંધ પડી મોં સુવાસિત બને છે. હમેશાં વાપરવામાં વાંધો નથી.

સૂચના—મંજન લગાડયા બાદ તે ઘસીને પછી સ્વચ્છ પાણીથી કોગળા કરી નાંખવા જોઇએ.

૧૪૦ જાતીફલાદિ ચુર્ણ.

બનાવટ—જાયફલ, વાવડીંગ, ચિત્રક, શુંઠ, તગર, તલ, તાલીસ પત્ર, સુખડ, લવંગ, કલોંજી, કપુર, હરડે, આમડા, મરી, પીપર, તજ, વસંલોચન, એલચી. તમાલપત્ર, નાગકેશર, એ દરેક તોલો તોલો લેવાં. તથા શુધ્ધ શેકેલીભાંગ તોલા ૯ અને સાકર તોલા ૨૯ લઈ કુટી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૬થી ૧૨ રતીભાર.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—ક્ષય, ઉધરસ, શ્વાસ, સંગ્રહણી, ઝાડા, મરડો, મંદાગ્નિ, સળેખમ વગેરે મટે તથા ઉંઘ લાવે છે અને દરદને મટાડે છે. માથાનું દરદ તથા ઉન્માદમાં પણ વપરાય છે,

---

૧૪૧ યવાનીખાંડવ ચુર્ણ.

બનાવટ—અજમો, દાડમબીજ, શુંઠ, આમલીની છાલ અમ્લવેતસ, ખાટાંબોર એ દરેક ચાર ચાર તોલા, કાળાં મરી ૨॥ તોલા, પીપર તોલા દશ, તજ, સંચળ, ધાણા અને જીરૂં એ દરેક બબે તોલા સાકર ૬૪ તોલા. એ સર્વને ખાંડી બારીક ચુર્ણ બનાવી કપડે ચાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧૨ થી ૨૪ રતીભાર સવાર સાંજે બે વખત પાણી સાથે.

ઉપયોગ—પાંડુરોગ, હૃદયરોગ, સંગ્રહણી, જ્વર, ઉલટી, શોષ, અતિસાર, બરલ, કબજીઆત, અરૂચી, શુળ, મંદાગ્નિ, અર્શરોગ, જીભ અને ગળાનાં દરદો વગેરેમાં ઠીક ફાયદો આપે છે.

૧૪૨ હિંગ્વાદિ ચૂર્ણ.

બનાવટ—શેકેલીહીંગ, કાળીપાટ, હરડેછાલ, ધાણા, દાડમબીજ, ચિત્રકછાલ, કચુરે, શુંઠ, અજમોદ, મરી, પીપર, પળાંશી, અમલવેતસ, તુલશીપાન, આમલીની છાલ, જીરૂં, પુષ્કરમુળ, વજ, ચવક, સાજીખાર, જવખાર, સિંધાલુણ, સંચળ, બીડલુણ, મીઠું, વડાગરૂં મીઠું એ દરેક ચીજ સમભાગે લેવી. અને ચુર્ણ કરી ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૨થી ૨૪ રતીભાર.

સમય—જમ્યા પ્હેલાં સ્હેજ ગરમ પાણી સાથે અથવા છાશ સાથે.

ઉપયોગ—વાયુ, ગોળો, હૃદયરોગ, કબજીઆત, બસ્તીશુળ, પાર્શ્વશુળ, ગુદશુળ, મુત્રકૃચ્છ, પાંડુરોગ, હેડકી, યકૃતરોગ, પ્લીહા, શ્વાસ. કંઠરોગ, ખાંસી, સંગ્રહણી, અર્શ વગેરે મટે છે. હમેશાં વાપરી શકાયછે અને સ્વાદિષ્ટ છે,

---

૧૪૩ નારાયણ ચૂર્ણ.

બનાવટ—ચિત્રકછાલ, હરડે, બહેડા, આમળાંની છાલ, શુંઠ, મરી, પીપર, પલાંશી, વજ, અજમો, જીરૂં, પીપળીમુળ, વરેઆળી, તુલશીનાપાન, અજમોદ, કચુરો, ધાણા, વાવડીંગ, કાળુંજીરૂં, ઉપલેટ, પુષ્કરમુળ, સાજીખાર, યવક્ષાર, સિન્ધાલુણ, સંચળ, બિડલવણ, વડાગરૂંમીઠું, મીઠું એ દરેક એકેક તોલો ઈંદ્રવારૂણીનાં મુળ બે તોલા, નસોતર ૩ તોલા, દાંતીમુળ ૪ તોલા, કાંટાળા થોરનું મુળ ૨ તોલા, એ દરેક ચીજને બારીક વાટી ચુર્ણ કપડછાણ કરી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—ાથી ાા તોલો. સવાર સાંજ બે વખત.

અનુપાન—રોગ પ્રમાણે અથવા છાશ કે ગરમ પાણી સાથે.

ઉપયોગ—અજીર્ણ કબજીઆત. હૃદયરોગ, પાંડુરોગ, ખાંસી, શ્વાસ, ભગંદર, મંદાગ્નિ, જ્વર, કુષ્ટ, સંગ્રહણી, સ્થાવર જંગમવિષનો વિકાર વગેરેમાં સારો ફાયદો આપી તમામ ઉદરરોગ મટાડી શરીર શુધ્ધ બનાવે છે.

---

૧૪૪ નવાયસ લોહ.

બનાવટ—ચિત્રકમુળની છાલ, હરડેછાલ, બહેડાં છાલ, આમડાની છાલ, પીપર, નાગરમોથ, શુંઠ, વાવડીંગ, મરી એ સર્વ દવા એક એક તોલો તેનું ચુર્ણ કરી તેમાં લોહભસ્મ તો. ૯ મેળવી ઘુંટી આટલી ભરી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ અથવા ઘી સાથે ચાટી ઉપર દુધ પીવું. અથવા છાશ પીવી.

ઉપયોગ—પાંડુરોગ, ભગંદર, સોજો, કુષ્ટરોગ અર્શ, ઉદરરોગ, મંદાગ્નિ, કૃમીરોગ, ત્રિદોષ, નબળાઇ વગેરે મટે છે.

---

૧૪૫ શિરશૂલહર ચુર્ણ.

બનાવટ—	ફેનાસીટીન	ગ્રેન ૫
	કેફીનસાઇટ્રસ	ગ્રેન ૫
	સાકરનો ભુકો	ગ્રેન ૧૦

રીત—ઉપરની દવાને બારીક વાટી તેના બે ભાગ કરવા. અને તેમાંથી એક ભાગ દવા ચહા સાથે લઇ બીજો ભાગ દવાનો ત્રણ કલાક પછી તેવીજ રીતે લેવો.

ઉપયોગ—માથાનો સખ્ત દુખાવો, ચસકા અને શુળ મગજનાં એ દરદોને તરતજ આદવાથી આરામ થાય છે.

સુચના—આ દવા હમેશાં વાપરવી નહિ. કવચિતજ જરૂર પડએ વાપરી શકાય કેમકે દરરોજ વાપરવાથી હાની થાય છે, તેમ અતિ નબળાં માણસે પણ લેવી નહિં.

૧૪૬ સુખવિરેચન.

બનાવટ—શુંઠ ૧ ભાગ, વરેઆરી ૧ ભાગ. મીંઢીઆવળ ૨ ભાગ. સાકર ૪ ભાગ, દરેકનું ચુર્ણ લઇ સાથે મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦। થી ૦॥ તોલા ભાર.

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—કબજીઆત મટાડે, દસ્તસાફ લાવી હરસ, આફરો, ચુંક, વાયુ અજીર્ણ મળ બંધ વગેરે મટાડે છે. રાત્રે આ દવા ગરમ પાણી સાથે લેવાથી સવારે એક બે પેટ સાફ આવી જાય છે.

૧૪૭ અવિપતિકર ચુર્ણ.

બનાવટ—ત્રીફલા, ત્રિકટુ, મોથ, વાવડીંગ, એલચી. તમાલપત્ર, એ દશ દવા અકેક તોલો, લવંગ દશ તોલા, શાકર તોલા ૬૦ નસોતર તો. ૪૦ એનું ચુર્ણ કરી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો. જમ્યા પહેલાં સવાર સાંજ,

અનુપાન—નાળીએરનું પાણી અથવા ઠંડુ પાણી.

ઉપયોગ—અમ્લપિત, શુળ, હરસ, પ્રમેહ, પથરી મુત્રાઘાત વગેરે મટે છે.

પથ્ય—દુધ, ભાત ખાવાથી જલદી ફાયદો થાય.

૧૪૮ ગંગાધર ચુર્ણ.

બનાવટ—નાગરમોથ, ઈંદ્રયવ, બીલી, લોદર, મોચરસ, ધાવડી, નાંપુલ, શુંઠ, કડાછાલ, કાળીપાટ, વાળો. અતિવિષ, આંબાની, ગોટલી, શુધ્ધ હીંગળો એ દરેક ચીજ સમ ભાગે લઇ ચુર્ણ કરી લેવું અને કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૨ થી ૨૪ રતીભાર દિવસમાં ત્રણ વખત.

અનુપાન—મધ સાથે અથવા ચોખાના ધોણ સાથે.

ઉપયોગ—અતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, મરડો મટે છે અને મળ બંધાઇને આવે છે.

---

૧૪૯ આયુષ્યવર્ધની ગુટીકા.

બનાવટ—શુંઠ તોલા ૧૨,	હરડેછાલ તોલા ૧૨,
પીપર તોલા ૮	પીપરીમુળ તોલા ૮
મરી તોલા ૪	ચવક તોલા ૪
તાલીસ પત્ર તોલા ૪	નાગકેશર તોલા ૪
એલચી તો. ૨	વાળો તોલા ૨
તજ તો. ૧	તમાલ પત્ર તો, ૧

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ કરી વાટી તેમાં ખપે તેટલો (આશરે તોલા ૩૦ સુધી) જુનો ગોળ મેળવી તેમાંથી ચણીબોર પ્રમાણે ગોળી બનાવી લેવી'

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત,

ઉપયોગ—હરસ, મંદાગ્નિ, પીનસરોગ વગેરેમાં વપરાય છે, છાશ અને દુધનું સેવન રાખવાથી સારી અસર બતાવે છે.

૧૫૦ સુરણવટી નં. ૧

બનાવટ--સુરણને સુકવી તેનું ચુર્ણ તોલા ૩૨, ચિત્રક છાલ તોલા ૧૬ શુંઠ તોલા ૪ કાળાં મરી તોલા ૨ એ સર્વનું ચુર્ણ લઇ તેના સમ ભાગે તેમાં જુનો ગોળ મેળવી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ-- ૦॥ થી ૧ તોલો દિવસમાં બે વખત.

ઉપયોગ--છ પ્રકારનો હરસ રોગ મટાડવા તથા તેમાં થતી પીડા ઓછી કરવા આ દવા વપરાય છે.

૧૫૧ સુરણવટી નં. ૨

બનાવટ--સુરણનો સુકવી કરેલો ભુકો તોલા ૧૬, વરધારો તોલા ૧૬, સફેદ મુશલી તો. ૮, ચિત્રકછાલ તો. ૮, હરડા, બહેડા, આમળા, વાવડીંગ, શુંઠ, પીપર, ભીલામ, પીપળીમુળ, તાલીસપત્ર, એ દરેક ચાર ચાર તોલા તજ, એલચી, મરી એ બે બે તોલા એ દરેકનું ચુર્ણ તથા તેના સમ ભાગે જુનો ગોળ નાખી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ--૦। થી ૦॥ તોલો, દિવસમાં બે વખત.

ઉપયોગ--મંદાગ્નિ, અર્શ, સંગ્રહણી, શ્વાસ, ખાંસી. ક્ષય, બરલ, હાથીપગું, સોજા, હેડકી, પ્રમેહ, ભગંદર, નબળાઇ વગેરે મટે છે. ખાસ કરી હરસનાં દરદીઓ માટે આ દવા ઉતમ ગણાય છે.

૧૫૨ કાંચનાર ગુગળ.

બનાવટ--કાંચનાર વૃક્ષની છાલનો ભુકો તો. ૮૦ ત્રીફળાનો જાડો ભુકો તો. ૪૦ લઇ તેમાં પાણી તો. ૧૦૦૦ નાંખી ચતુર્થાંસ ક્વાથ કરી કપડે ગાળી લઇ તેને ફરી ગરમ કરવું. તે ક્વાથ ઘટ્ટ થાય ત્યારે તેમાં ત્રીફલાં ચુર્ણ તો. ૨૦ ત્રીકટુચુર્ણ તો ૧૦ વરણાની છાલ તોલા ૪ એલચી, તજ, તમાલ પત્ર એ દરેક તોલો એક એક

નાંખી દેવું તથા શુધ્ધ ગુગળ તોલા ૫૦ નાંખી જાડો પાક થાય ત્યારે ઉતારી લઇ પછી જરા ઘી વાળો હાથ કરી ચણી બોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો, સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી અથવા કાંચનારનો કવાથ અથવા મહામંજીષ્ઠાદી કવાથ સાથે લેવો.

ઉપયોગ—કંઠમાળ, અપચી, અર્બુદ, ગ્રન્થી, વ્રણરોગ, ગુલ્મ, કુષ્ટરોગ, ભગંદર, રકતવિકાર વગેરે દરદોમાં આ દવા લાંબો વખત દેવાથી બહુજ સારૂં પરિણામ આવે છે.

૧.૫૩ કિશોર ગુગળ.

બનાવટ— હરડે, બહેડાં, આમડા અને ગળો એ દરેક ચીજ ૬૪ ચોસઠ તોલા જુદી જુદી લઇ ખાંડી તેના જાડા ભુકાને પાણી તોલા ૧૩૫૬ માં ઉકાળવું અરધુ પાણી રહે ત્યારે ઉતારી કપડે ગાળીને કવાથને ફરી ચુલે ચડાવી તેમાં સુધ્ધ ગુગળ તોલા ૬૪ નાખી ઘટ પાક કરવો. પછી તેમાં હરડાં બહેડા આમડા એ દરેકનું ચુર્ણ તોલા બે બે, ગળોનું ચુર્ણ તોલા ૪, શુંઠ, મરી, પીપર અને વાવડીંગ એ દરેક તોલા બે બે, દંતીમુળ તોલો ૧ નસોતર તોલો૧ એ સર્વનું ચુર્ણનાંખી તેને ઘુંટી ઘી વાળા હાથથી તેની ગોળીઓ ચણી બોર પ્રમાણે કરી લઇ સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તો. ૦। થી ૦॥ સુધી સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાતરકત, ખરજવું, કુષ્ટ, વ્રણ, પ્રમેહ, ઉદરરોગ, અગ્નિમાંદ્ય, ખાંસી, સોજા, પાંડુરોગ, રકતવિકાર વગેરે મટે છે, અને શરીર શુધ્ધ થાય છે.

અનુપાન—પાણી અથવા દુધ સાથે દવા લઇ ઉપર બનેતો મહામંજીષ્ઠાદિ કવાથ પીવો તો સારો ફાયદો આપે છે.

૧૫૪ પથ્યાદિ ગુગળ.

બનાવટ—હરડે, બહેડા અને આમડાની છાલ તોલા ૧૨૦ લઇ તેને એક વાસણમાં અધકચરી કરી પાણી તો. ૧૦૦૦માં નાંખી રાત્રે પલાળી સવારે ઉકાળો કરવો. જ્યારે અર્ધું પાણી બાકી રહે ત્યારે ઉતારી તે કવાથને ફરી ચુલે ચડાવી તેમાં શુધ્ધ ગુગળ તોલા ૬૪ નાંખવું અને જાડો પાક થતાં સુધી ઉકાળો કરવો. પછી જ્યારે ઘટ્ટ થાય ત્યારે તેમાં વાવડીંગ, દંતીમૂળ, હરડે, બહેડાં, આમડા, ગળો, પીપર, શુંઠ, મરી, નસોતર એ દરેકનું બએ તોલા ચુર્ણ કરી મેળવી દેવું. અને સુકાય ત્યારે જરા ઘી વાળા હાથથી તેમાંથી ચણીબોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો સવાર સાંજ બે વખત.

અનુપાન—મહારાસ્નાદી કવાથના પ્રવાહી ઉકાળા સાથે અથવા પાણી કે દુધ સાથે લેવી.

ઉપયોગ—ગ્રધ્રસીવાયુ, ખંજતા (લંગડાપણું) બરોલ, પાંડુ રોગ વગેરેમાં સારો ગણાય છે.

---

૧૫૫ અભયાવટી.

બનાવટ—હરડેની છાલનું ચૂર્ણ તો. ૧ શુધ્ધ ટંકણ તો. ૧ મરી તો, ૧ પીપર તો. ૧ શુધ્ધ નેપાળો તો. ૪ સર્વને વાટી થોરના દુધમાં એક ભાવના આપી અડદના દાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી જરૂર જણાય ત્યારે.

અનુપાન—થોડું હરડે ચુર્ણ લઇ તેની સાથે ગોળી મુકી ગરમ પાણી સાથે લેવું

ઉપયોગ—ઉદરરોગ, જીર્ણજવર, બરલ, રકતપિત, અજીર્ણ, પેટનું દરદ મટાડી દસ્ત જુલાબ સાફ લાવે છે.

સુચના—આ સખ્ત જુલાબ છે માટે વિચારીને ઉપયોગ કરવો અને જ્યારે બંધ કરવાની જરૂર જણાય ત્યારે ઠંડું પાણી પીવાથી બંધ થઇ જશે. પછી પથ્ય ખોરાક ખાવો.

૧૫૬ અર્કવટી.

બનાવટ—શુધ્ધ અફીણ તો. ૧	લવગ તો. ૨ાા
આકડાનારવાખંડા તો. ૨ાા	સિંધવ તો. ૧ા
ટંકણખાર તો. ૧ા	તજ તો. ૦ાા
જેઠીમધ તો. ૧	અજમો તો. ૧ા

રીત—ઉપરની દવાઓને ખાંડી બારીક કરી ખરલમાં અફીણના કસુંબા સાથે ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—એકેક ગોળી ચુસવી. આખા દીવસમાં ૧૦થી વધુ ગોળી ન લેવી.

ઉપયોગ—ખાંસી માટે સારો ઉપાય છે. નવી જુની ગમે તેવી ખાંસીને મટાડે છે ને કફ છુટો કરી આરામ આપે છે.

૧૫૭ ખદીરાદી વટી.

બનાવટ—શુદ્ધ સારો કાથો તોલા ૪૦૦ લઇ તેને પાણી તો૦ ૮૦૦માં નાંખી કવાથ કરી લેવો તેમાં નીચેની વસ્તુઓનું બારીક ચુર્ણ નાંખી ઘુંટી સુકવી ગોળી બનાવી રાખવી. ચીજોનાં નામ:—

ચંદન, પદમક, વાળો, મજીઠ, ધાવડીનાં ફુલ, મોથ, કમળકાકડી, જેઠીમધ, તજ, તમાલપત્ર, નાગકેશર, લાખ, રસવંતી, જટામાસી, લોદર, હરડા, બહેડા, આમળા, હળદર, દારૂહળદર, ઘહુંલા, એલચી, મજીઠ, કાયફળ, વજ, જવાસો, અગર, પતંગ, ગેરૂ અને સુરમો એ દરેક એક એક તોલો, તથા જાયફળ, જાવંત્રી, લવંગ, કંકોળ એ ચાર ચાર તોલા લેવા જોઇએ.

ઉપયોગ—મોંમાં રાખી દવા ચુસવી જોઈએ તેથી ગળાનાં, હોઠનાં મોઢાનાં તમામ દરદો મટી મુખપાક વગેરેમાં આરામ થાય છે. તથા દંતરોગ મટી દાંત મજબુત બને છે. મોં અને દાંતના દરદોમાં ઉતમ હોવાની સાથે ખાંસી સ્વરભંગમાં ઠીક છે.

૧૫૮ અમરસુંદરી ગુટીકા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળાં, પીપરી મુલ, રેણુંકબીજ, ચિત્રક, લોહભસ્મ, તજ, તમાલપત્ર, એલચી, નાગ. કેશર, શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, વાવડીંગ, અકલકરો, મોથ, આ દરેક ચીજ સરખે વજને લઇ ચુર્ણ કરી ખરલમાં ઘુંટી લેવું.

રીત—પ્રથમ પારદ વગેરે રસ દ્રવ્યની ખરલમાં કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓનું ચુર્ણ મેળવી, આ દવાનું જે વજન થાય તેથી બમણા વજને ગોળ લઇ તેમાં બધી દવાઓ ઘુંટી લઇ ગોળી વાળવા જેવું થતાં ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૩ ગોલી.

અનુપાન—પાણી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

ઉપયોગ—અપસ્માર, સન્નિપાત, દમ, ખાંસી, હરસ, સર્વ જાતના વાયુના દરદો, ઉન્માદ વગેરે મટાડી જ્ઞાન તંતુઓને પોતાના સરળ કાર્યમાં મદદ કરે છે.

૧૫૯ શંશમની નં. ૧

બનાવટ—લીંબડાના ઝાડ ઉપર ચડેલી લીલોગળો લાવી તેના એકેક ઇંચના ટુકડા કરી તેને પાણીથી ધોઇ લાકડાની ખાંડણીમાં

નાંખી છુંદી તેનાથી ચાર ગણા પાણીમાં ત્રણ કલાક પલાળી મુકવા પછી તેને હાથ વડે ખુબ ચોળી મસળી કુચા જેવો ભાગ હોયતે કાઢી બ્હાર નાંખી દેવો અને જે પાણી રહે તેને કપડે ગાળી લઇ ચુલે ચડાવી દેવો અને તે ધીમે ધીમે તાપે ઉકાળી ઘટ્ટ અવલેહ ઘન-જેવો બનાવી નીચે ઉતારી મુકવી દેવો જયારે તે ખરલમાં ઘુંટવા લાયક થાય ત્યારે તેમાં તે ઘનનું વજન તોલા ૧૦ હોયતો તેમાં **લોહભસ્મ** તો. ૧ નાંખી ઘુંટી લેવું અને જરા ઘી વાળો હાથ કરી તેની મરી જેવડી ગોળી બનાવી છાંયે સુકવી પછી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—એક ગ્રેનની ગોળી દરેક વખતે ૪ થી ૮ સુધી લેવી

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી અથવા દુધ.

ઉપયોગ—નબળાઇ, પ્રીકાશ, જીર્ણજ્વર, પાંડુ, દાહ, અગ્નિની મંદતા, ક્ષય, હૃદયરોગ, ધાતુની નબળાઇ, વગેરેમાં બહુ ઉપયોગી છે. કડુ પૌષ્ટક તરીકે અને શોધક તરીકે ઠીક છે. નબળા દરદીઓ માટે સારી ગણાય છે.

---

૧૬૦ શંશમની નં. ૨

બનાવટ—શંશમની નં. ૧ ની ઉપર જે બનાવટ આપવામાં આવીછે તે મુજબ કાળારંગનો ગળોનોઘન તૈયાર થાય તેમાં લોહ ભસ્મ નહિં નાંખતાં તેમાં સુવર્ણ માક્ષિક ભસ્મ ઉપરનાં વજન પ્રમાણે નાંખી ઉપર મુજબ ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—એકેક ગ્રેનની ગોળી દરેક વખતે ૪ થી ૮

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ કે પાણી.

ઉપયોગ—નબળાઇ, સફેદ પ્રદર, પાંડુરોગ, પ્રીકાશ, જીર્ણજ્વર, ક્ષય, હૃદયરોગ વગેરેમાં ઠીક છે:

૧૬૧ શંશમની નં. ૩

બનાવટ—ઉપરની રીત પ્રમાણે બનાવી શકાય છે. માત્ર ફરક એટલો છે કે શંશમની નં. ૧ માં લોહ ભસ્મ અને નં. ૨ આમાં માક્ષિક ભસ્મ પડે છે. જ્યારે નં. ૩ આમાં કોઇપણ જાતની ભસ્મ નાંખ્યા શિવાય ઘન તૈયાર કરી તેમાંથી ઉપર મુજબ ગોળી બનાવી લેવાય છે. અને તે નં. ત્રીજાની શંશમની ગણાય છે.

ઉપયોગ—જ્વર, સુવાવડીનો તાવ, બાળકોનો તાવ, મંદાગ્નિ, પ્રદર, નબળાઇ તથા શરદી, ઝાડા, ઉધરસ, પેટચડવું વગેરે બાળરોગ માં ખાસ વપરાય છે.

પ્રમાણ—૪ થી ૧૬ ગોળી. દર ચાર કલાકે.

અનુપાન—પાણી.

૧૬૨ પ્રવાહીકા નાશકવટી.

બનાવટ—અફીણ ૪ ભાગ. હિંગળો શુદ્ધ ૨ ભાગ.
ટંકણખાર ફુલાવેલ ૧ ભાગ.

રીત—એક નાની ખરલમાં ત્રણેને વાટીને પાણીની સાથે મરી જેવડી ગોળી બનાવી લેવી આસરે ગોળી એકેક ગ્રેનની બનાવવી જોઇએ.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—મધસાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

ઉપયોગ—મરડો, આમાતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, ઝાડો, ખાસ કરી જુના મરડામાં વખણાય છે.

સૂચના—આ દવા નાનાં બાળક માટે વાપરવી હોય તો બહુજ સંભાળથી ઓછી માત્રામાં વિચાર કરીને આપવી, કેમકે તેમાં અફીણ ખાસ આવે છે. અને યોગ્ય પથ્ય રાખી દવા લેવી.

પથ્ય—મરડાના રોગી માટે છાશ ભાત અને દાડમનો રસ અથવા બીલીનો મુરબ્બો આપવાથી આ દવા જલદી ફાયદો આપે છે.

૧૬૩ દાડીમી વટી.

બનાવટ—કડાછાલ તો. ા
ખુરાસાની અજમો તો. ા
કેસર તો. ા
ઉપલેટ તો. ા
ગાંજો તો. ા
ગુગળ તો. ા
બીલીનો ગરભ તો. ા
લોદર તો. ા
ધાવડીના ફુલ તો. ા
આંબાની ગોટલી તો. ા
અફીણ તો. ા
કાચા દાડીમ નંગ બે,

રીત—ઉપરની તમામ દવાઓનું ચુર્ણ તૈયાર કરી રાખવું. અને માત્ર બે દાડીમ જુદાં લઇ તેમાં ડગળી આપી વચ્ચે ખાડો કરી તેમાં ઉપરનું ચુર્ણ તથા તેનાં બીયાંને ભરી ડગળી બંધ કરી તેના ઉપર લીલું કપડું વીંટી પછી તેના પર માટી લગાડી થોડાક છાણાની અગ્નિમાં પકાવવું જયારે ઉપરની માટી બરાબર લાલ થાય ત્યારે કાઢી લઇ ઠંડુ થવા દેવું. પછી તે બે દાડમની ઉપરથી કપડું માટી ફેંકી દઇ આખા બે દાડીમને ખરલમાં વાટી મધ નાંખી વટાણા જેવડી ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી. દિવસમાં બેથી ત્રણ વખત લેવી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ઝાડો, મરડો, રકતાતિસાર, પ્રવાહીકા વગેરે ગમે તેવા જોરદાર હોય તો પણ મટે છે

૧૬૪ આમરાક્ષસીગુટીકા.

બનાવટ—શુદ્ધ હિંગળો તો. ૧
જાયફળ તો. ૧
અફીણ તો. ૧
લવંગ તો. ૧
કપુર તો. ૧

રીત—સમ ભાગે ચીજો લઇ બારીક વાટી પાણી સાથે ખરલમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી પાણી સાથે.

ઉપયોગ—અતિસાર, મરડો, સંગ્રહણી, કોલેરા, અજીર્ણ વગેરેમાં પાચન શકિત સુધારી તરત ઝાડા બંધ કરેછે મરડા અને કોલેરામાં ખાસ ઉપયોગી છે રકતાતિસાર પણ બંધ કરે છે.

---

૧૬૫ પથ્યાદિ વટી

બનાવટ—હરડે સારી લાવી તેનું ચુર્ણ તોલા ૫ લઇ તેમાં સુંઠનું ચુર્ણ તોલા રાા નાંખી મેળવી તેમાં ખપે તેટલો ગોળ નાંખી ઘુંટી ગોળી ચણીબોર પ્રમાણે કરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ ગોળી એક વખતે લેવી,

અનુપાન—પાણી અથવા રોગ મુજબ.

સમય—રાત્રે અથવા જરૂર જણાય ત્યારે.

ઉપયોગ—તમામ રોગમાં વપરાય તેવી ઉતમ દવા છે. આ દવાથી દસ્ત સાફ આવી વાયુ શાંત થાયુ છે. અને આજકાલ સર્વ રોગનું મુળ તપાસીશું તો તેમાં પ્રથમ વાયુ અને કબજીઅતજ મુખ્ય જણાય છે. આ સાદી દવાથી મહાત્મા લોકો ભયંકર વ્યાધિઓ મટાડી ચમત્કાર બતાવી ગયા છે તેજ આ શાસ્ત્રીય પ્રયોગ છે. દરેકને બનાવી વાપરવા ભલામણ છે.

---

૧૬૬ રાજેન્દ્ર વટી.

બનાવટ—કસ્તુરી તો૦ ૨ | ભીમસેની કપુર તો૦ ૪
અફીણ તો૦ ૪ | કેશર તો૦૮
જાયફળ તો૦ ૮ | જાવંત્રી તો૦ ૮

તજ તો૦ ૮ લવંગ તો૦ ૮
એલચી તો૦ ૮ અકલકરો તો૦ ૮

રીત—દરેકનું બારીક ચૂર્ણ લઇ નાગરવેલના પાનના રસમાં ઘુંટી મગના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—૧ થી ૪ ગોળી. દુધ સાથે.

ઉપયોગ—શરદી, ખાંસી, શળેખમ, શ્વાસ, નબળાઇ, ઝાડા. અજીર્ણ, વાયુ, ધાતુશ્રાવ, વીર્યનું, પાતળાપણું, સ્વપ્નશ્રાવ, બાળકોની નબળાઇ, ઝાડા, ખાંસી, સરદી, આંચકી વગેરે તમામ દરદોમાં તરતજ ફાયદો આપે છે. અને સ્ટીમ્યુલંટ (ઉતેજક) દવા તરીકે કોઇપણ દરદમાં સારો ફાયદો બતાવે છે.

સુચના—આખા દિવસમાં ૧૨ થી વધારે ગોળી ન લેવી. અને બચ્ચાંને એક ગોળીથી વધારે એક વખતમાં ન આપવી. આખા દીવસમાં બાળકને ત્રણ ગોળી આપી શકાય છે.

---

૧૬૭ જાતીફલાદી વટી.

બનાવટ—જાયફળ, અફીણ, ખારેકનો ભૂકો દરેક એકેક તોલો લઇ વાટી પાણી સાથે ઘુંટી રતીભારની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—પાણી કે છાશ સાથે,

સમય—દર ચાર ચાર કલાકે દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—અતિસાર, સંગ્રહણી, આમાતિસાર કે પ્રવાહીકા મટે.

સૂચના—આ દવામાં અફીણ મુખ્યભાગે સમ ભાગે આવે છે માટે ધ્યાન રાખીને વાપરવી અને બાળકને આ દવા બનતાં સુધી આપવીજ નહિં.

૧૬૮ ભીમસેની ગુટીકા.

બનાવટ—હરડેની છાલ, હીમેજ હરડે, કડુ ઈંદ્રવારૂણીની જડ, કુવાડીયાનાં બીજ રેવચીંનીનો શીરો શુંઠ મરી પીપર હરડેછાલ બહેડા છાલ, આમડાનીછાલ એ સર્વ સમ ભાગે તથા તેનાથી બમણું એળીઆનું ચૂર્ણ લેવું

રીત—ઉપરની દવાને ખરલમાં નાંખી કુંવારના રસમાં બે દહાડા ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—પાણી સાથે રાત્રે સુતી વખતે લેવાય.

ઉપયોગ—જુલાબની ગોળી તરીકે લેવાથી પેટને સાફ કરી કબજીઆત, મટાડે, ઉદરરોગ, કમળો, કૃમીરોગ, જીર્ણજ્વર, અર્શ વગેરેમાં પેટ સાફ કરી ફાયદો આપે છે.

---

૧૬૯ અમૃતપ્રભા વટી

બનાવટ—અકલકરો સિંધાલુણ, ચિત્રક, મરી, આમડા. પીપર અજમો, હરડે છાલ, એ દરેક એકેક તોલો તથા શુંઠ તોલા બે આ પ્રમાણે ચીજોનું ચુર્ણ લેવું,

રીત—ઉપરના ચુર્ણને બીજોરા લીંબુના રસમાં એક દીવસ ઘુંટી ચણા પ્રમાણે ગોલી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ

અનુપાન—પાણી સાથે આપવી.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, ખાંસી, દમ, શળેખમ, ગળાનું દરદ, શરદી, વાયુનો તાવ, પેટની ચુંક વગેરે મટી ભૂખ લાગે અને ખાધેલું પચાવે છે.

૧૭૦ જ્વરઘ્નની વટી.

બનાવટ—પીપર તોલા ૨ જીરૂં તોલા ૨।।
કાંકચનીમંજ તો. ૪ બાવળનાં પાન તો. ૧।।

રીત—દરેક દવાને બારીક વાટી ખરલમાં નાંખી તેને પાણી સાથે ઘુંટી વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે,

અનુપાન—ગરમ પાણી સાથે લેવાય,

ઉપયોગ—દરેક પ્રકારનાં તાવ માટે વપરાય તેથી તાવ ઉતરે છે, અને ટાઢીઓ તાવ અટકે છે.

---

૧૭૧ કેશરાદી વટી.

બનાવટ—કેશર, જાયફળ, એલચી, શુંઠ, લવંગ, અફીણ, હીંગળો શુધ્ધ સમભાગે લેવા.

રીત—અફીણના ડોડવાનો કવાથ કરી ઉપરની દવાનું ચુર્ણ ખરલમાં નાંખી તે કવાથમાં ઘુંટી એકેક રતીભારની ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એક થી બે ગોળી.

અનુપાન—ચોખાના ધોણ સાથે.

સમય—સવાર બપોર અને સાંજ.

ઉપયોગ—અતિસાર, મરડો, પેટની ચુંક, જમ્યાપછી પેટમાં ગડમડાટ થઇ ઝાડો લાગવો વગેરે માટે ઠીક છે. ઝાડા બંધ કરી દુખાવો મટાડે છે.

---

૧૭૨ યષ્ટીમધુવટી.નં. ૧

બનાવટ—એલચી તો૦ ૪ લવંગ તો૦ ૪
બહેડાની છાલ તો૦ ૪ વર્યાળી તો૦ ૪
ચોખો કાથો તો૦ ૪ કાળાં મરી તો૦ ૪

જેઠીમધ તો૦ ૪ જેઠીમધનો શીરો તો૦ ૧૬
પીપરમેન્ટનાં ફુલ તો૦ ૧

રીત—પ્રથમની આઠ દવાનું બારીક ચુર્ણ લઇ તેમાં નવમી દવા મેળવી ઘુંટી પાણી સાથે ખરલમાં વાટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી. અને તે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—આખા દીવસમાં બાર ગોળી સુધી વાલે.

સમય—મોંમાં ગોળી રાખી ચુસ્યા કરવી જયારે જયારે ખાંસી આવે ત્યારે ખાસ લેવી જોઇએ.

ઉપયોગ—ખાંસી, સ્વરભંગ, રાજેખમ, ગળાનો વરમ, શોષ, વગેરે મટાળી કફ છુટો કરી ગળાને સુંવાળું બનાવે છે.

---

૧૭૩ દુગ્ધ વટી.

બનાવટ—વછનાગ તો. ০ા અફીણ તો. ০ા
લોહભસ્મ તો. ০)ાા અભ્રકભસ્મ તો. ૧ાાા

રીત—ઉપરની દવાઓને ખરલમાં ઘુંટી દુધમાં વાટી તેની રતીભારની અથવા એકેક ગ્રેનની ગોળી વાળી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી (૧થી ૨ રતીભાર)

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ સાથે,

ઉપયોગ—સોજા, સંગ્રહણી, મંદાગ્નિ, વિષમજ્વર, પાંડુરોગ, ઝાડા વગેરે મટે છે.

પથ્ય—આ ગોળીખાનારે જયાં સુધી દવા ચાલુ હોય ત્યાં લગી માત્ર દુધ ઉપરજ રહેવું. પાણી અથવા બીજા કોઇ પણ પદાર્થનો ઉપયોગ ન કરવો જોઇએ, તોજ સારો ફાયદો થાયછે.

---

૧૭૪ સપ્તાંગ ગુગળ.

બનાવટ—શુંઠ, મરી, પીપર, હરડાં, બહેડા, આમડા એ સર્વ દવા સમભાગે લઇ તેમાં શુદ્ધ ગુગળ સમભાગે એટલે એ છ દવાને સરખે વજને મેળવી પાક જેવું કરી ગોળી ચણાપુરની બનાવી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન—મંજીષ્ઠાદિ કવાથ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—નાડીવ્રણ, ભગંદર, શુળ, વ્રણ, રક્તદોષ, વગેરે માટે છે. અને શરીરને સુધારે છે.

---

૧૭૫ કોલેરાની ગોળી.

બનાવટ—શેકેલા ધાણા તોલા ૪ જાવીંત્રી તો. ૩ જીરૂં તો, ૩ અતિવિષ, ઇંદ્રયવ, અજમો, કાંકચનીચીંજ, લવંગ એ દરેક બે બે તોલા, વજ, હિંગ, કપુર, લસણ, સિંધાલુણ, જાયફલ, અઘેડાનું મુળ એ દરેક અકેક તોલો, બીડલવણ, શુંઠ, કાળાં મરી, બીલીનો ગરભ, પીપર, પીપરીમુળ, રાળ, એલચી, હરડે એ દરેક અર્ધ અર્ધ તોલો, તથા ખપે તેટલો લીંબુનો રસ,

રીત--પ્રથમ સર્વ દવાઓને ખાંડી કપડે ચાળી ખરલમાં નાંખી લીંબુના રસમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી.

સમય—દર ૦| કલાકે.

અનુપાન—ડુંગળીનોરસ અથવા સ્વચ્છ પાણી.

ઉપયોગ—કોલેરા માટે આ દવા અકસીર જણાઇ છે. એ શિવાય પેટના દરદોમાં પણ સારી જણાય છે,

૧૭૬ કર્પૂરસુંદરી ગુટીકા.

બનાવટ—કપુર, જાયફળ, જાવંત્રી, ધતુરાના બીજ. સમુદ્રશોષના બીજ, અક્કલકરો, શુંઠ, મરી' પીપર, ચોપચીની, શેકેલ કાંકચનાં બીજ એ દરેક એક એક તોલો શેકેલી ભાંગ તો. ૧૧ અફીણ તો. ૧૧ વછનાગ તો. પા.

રીત—દરેક વસ્તુને ખાંડી તેમાં અફીણનો કસુંબો નાંખી તેને ભાંગરાના રસની ભાવના આપી મરી જેવડી ગોળી બનાવી છાંયે સુકવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—પાણી સાથે અથવા કડાછાલના ભુકા સાથે.

સમય—દિવસમાં બે થી ત્રણ વખતે લેવી.

ઉપયોગ—ઝાડો, મરડો, સંગ્રહણી, અર્શ, મંદાગ્નિ, ભયંકર આમાતિસાર વગેરે માટે ઉત્તમ છે તથા ચાલુ થોડો વખત વાપરવાથી અફીણનું બંધાણ છુટી જાય છે.

સુચના—આ દવામાં અફીણ મોટા પ્રમાણમાં છે માટે બાળકને સંભાળથી પ્રમાણનો વિચાર કરીને દવા આપવી, તથા ઝાડાના દરદ પ્રમાણે પથ્ય રાખવું.

---

૧૭૭ સૂર્યપ્રભા વટી.

બનાવટ—ભારંગી, ભીલામ શુધ્ધ, અરણી, અભ્રક ભસ્મ, કેળનોકંદ, કાળીપાટ, વજ, ગોરોચન, ચવક, તમાલ પત્ર, ચિત્રક, શુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, ગંધકશુધ્ધ, પારદ શુધ્ધ, ત્રાયમાણ, વિકળો, કાળો વછનાગ શુધ્ધ, લાલ વછનાગ શુધ્ધ, લવંગ, લીંડીપીપર, કુષ્ટ, તાડનાં ફળ, હરડાં, બહેડાં, આમળા, બ્રાહ્મી, લતાકસ્તુરી, ગળો, બીલીનો ગરભ, પાંચે પ્રકારનાં લવણ, જુઇનાં ફુલ, ચમેલીનાં ફુલ, મોગરાનાં ફુલ, બોલસરીનાં ફુલ, માધવી

લતાનાં ફુલ, બપોરીઆનાં ફુલ, એ બધાને ખાંડી બારીક ચુર્ણ કરી લેવું. અને પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં દવા મેળવી તેને એરંડ તેલમાં ઘુંટી ચણીબોર જેવડી ગોળી કરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી; દિવસમાં બે વખત, પાણી સાથે.

ઉપયોગ—તમામ પ્રકારના ઉદર રોગને મટાડી અગ્નિ દીપન કરે છે, જુનાં પેટના દરદોમાં બહુજ વખણાય છે.

---

૧૭૮ સુવર્ણ વસંતમાલતી.

બનાવટ—સોનાના વરખ અથવા ભસ્મ તો૦૧ મોતીની પીષ્ટી તો૦૨
રસ સિંદુર તો૦૩ સફેદ મરી તો૦ ૪
યસદ ભસ્મ તો૦ ૮ (અથવા ખાપરીયું શુધ્ધ તો૦ ૮)

રીત—દરેક ચીજને બરાબર વાટેલી લઇ સાથે મેળવા બરાબર ખરલ થઇ જાય ત્યારે તેમાં માખણ તો. બે નાખી બરાબર ઘુંટી પછી તેમાં લીંબુનો રસ નાંખતા જવું અને ઘુંટવું. આશરે વીશેક દીવસ સુધી એમ ચાલુ ઘુંટવાથી માખણની ચીકાસ મટી જઇ સ્વાદ પારખતાં ખટાશ થઇ જશે ત્યારે સમજવું કે હવે તૈયાર થઇ ગઇ છે પછી રતીભારની આશરે ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— એક રતીભારથી તે ત્રણ રતીભાર સુધી.

સમય—સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—પીપરનું ચુર્ણ વાલ ૧ તથા મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ— ક્ષયરોગ, મગજની, નબળાઇ, ધાતુક્ષીણતા, જીર્ણ જ્વર, ખાંસી, સંગ્રહણી, નબળાઇ, હૃદયરોગ, મસ્તક શુળ, ચક્કર આવવા તેમજ ચાલુ નબળાઇમાં ખાસ વખણાય છે. મગજ શકિત વધારે છે અને જુના રોગોમાં સારૂં કામ આપે છે.

પથ્ય—આ દવા ચાલુ હોય ત્યારે પચે તેવો પૌષ્ટિક ખોરાક લેવો અને દરદને અનુકુળ થાય તેવું પથ્ય પાળવું.

૧૭૯ મહાલક્ષ્મીવિલાસ રસ.

બનાવટ—લોહભસ્મ તો. ૧, શુધ્ધ ગંધક તો, ૨, રસસિંદુર તો, ૨, અભ્રક ભસ્મ તો. ૪, બંગ ભસ્મ તો, ૧, રૌપ્ય ભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો, ૧, સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, વરધારાનાં બીજ તો. ૧, કનકબીજ શુધ્ધ તો, ૧, ધોળી મુશલી તો. ૨, ભીમસેની કપુર તો. ૧, શુંઠ, મરી, પીપર, લવંગ, એલચી, મોથ અને શુધ્ધ ભાંગ એ દરેક અકેક તોલો તથા સુવર્ણ ભસ્મ તો ૦॥

રીત—દરેક વસ્તુ જુદી જુદી બારીક વાટેલી લેવી અને તેને એક પછી એક ખરલમાં મેળવતા જવું, બરાબર ચીજો મળી જાય ત્યાર બાદ એક દીવસ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૩ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન— મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દુધ પીવું

ઉપયોગ— ક્ષયરોગ, ખાંસી, શરદી, શળેખમ, હૃદયરોગ, છાતીનું શુળ, પ્રદર, પ્રમેહ, મધુપ્રમેહ, દમ, અતિશયનબળાઇ, માથા નું દરદ વગેરે મટે છે તેમજ મગજ પુષ્ટ થઇ ધાતુ ક્ષીણતા મટી અશક્તિ દુર થાય છે. વાજીકરણ ગુણ સાથે પૌષ્ટિક અને ઉતેજક છે.

૧૮૦ મન્મથવિલાસ રસ.

બનાવટ—રસસિંદુર તો. ૧, પારદ તો. ૨, ગંધક તો. ૨, અભ્રકભસ્મ તો. ૧॥- લોહભસ્મ તો. ૧૦, સફેદ મુશળી તો. ૪, ભીમસેની કપુર તો. ૧, ચોપચીની, જાયફળ, લવંગ, અજમોદ, મરી.

રાળ, એલચી બીજ એ દરેક એક એક તોલો. એખરો, જાવંત્રી, લીંડીપીપર, કનકબીજ. શુંઠ, અકલકરો એ દરેક દોઢ દોઢ તોલો, શેમળાની છાલ તો. પા, આસુંઠ તો. ૫, એરકોચલાં તો. ૪, બળદાણા તો. ૯, આમળા તો. ૫, શતાવરી તો. પા,

રીત—પ્રથમની પાંચ વસ્તુઓ ખરલમાં જુદી મેળવી પછી તેમાં ભીમસેની કપુર નાંખી દેવું અને ત્યાર બાદ દરેક વસ્તુનું બારીક ચુર્ણ લેઇ તેમાં મેળવી દઇ ખરલમાં ઘુંટી નાગરવેલના પાનના રસમાં ચણોઠી પુરની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ અથવા પાણી અનુકુળ જણાય તે.

ઉપયોગ—આરોગ્ય સાચવવા તથા શકિત વર્ધક પૌષ્ટિક દવા તરીકે ચાલુ વાપરી શકાય છે. બીમારી પછીની નબળાઇ, નેત્રરોગ, વીર્યશ્રાવ, મગજની કે ધાતુની નબળાઇ મટાડી શકિત વધારે, તથા વીર્ય, બળ, કાંતિનો વધારો કરે હમેશાં વાપરવાથી સારો ફાયદો બતાવે. યુવાનો માટે ઉતમ દવા છે.

સુચના—નાનાં બાળકો કે સ્ત્રીઓ માટે પણ પાષ્ટિક તરીકે વપરાય છે.

---

૧૮૧. ક્રમિકુઠાર રસ.

બનાવટ—કપુર તો૦ ૮
અજમો તો૦ ૧
વાવડીંગ તો૦ ૧
કેશર તો૦ ૧
પીતપાપડો તો૦ ૧
ત્રાયમાણ તો૦ ૧
કડાછાલ તો૦ ૧
હીંગળો શુધ્ધ તો૦ ૧
વછનાગ શુધ્ધ તો૦ ૧

રીત—દરેક દવાનું ચૂર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને પ્રથમ બ્રાહ્મી પછી ભાંગરો પછી ઉંદરકાનીના રસની અથવા કવાથની એકેક

ભાવના આપી બબ્બે રતીભારના વજનની ગોળી બનાવી સુકવી બાટલી માં રાખવી.

પ્રમાણ—વાલ ૧ થી વાલ ૨ સુધી.

અનુપાન—મધ અથવા વાવડીંગનો કવાથ,

સમય—જરૂર જણાય ત્યારે અથવા દરરોજ સવારનાં.

ઉપયોગ—પેટનાં કૃમી, અજીર્ણ, ચુંક, મોળ, વાયુ, ઝાડા. ઉલટી, કોલેરા વગેરેમાં સારો ફાયદો બતાવે છે.

---

૧૮૨ નારાચ રસ.

બનાવટ—શુધ્ધ પારદ, ૧ તોલો, શુધ્ધ ગંધક તોલા ૨
ટંકણખાર ફુલાવેલ તો. ૧ કાળાં મરી તો. ૧
પીપર તો. ૨ શુંઠ તોલા ૨
શુધ્ધ નેપાળો તોલા ૯

રીત—ઉપરની દવાઓ બારીક લઇ પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી તેમાં બીજી દવાઓ મેળવી દૃઢ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ રતીભાર.

અનુપાન—સાકરના ભુકા સાથે અથવા મધ સાથે ચાટી ઉપર ટંડું પાણી પીવું.

ઉપયોગ—શુળ, ઉદરરોગ, વાયુ, ગોળો ચૂંક, કબજીઆત વગેરે મટાડી જુલાબ લાવે છે. આ દવા ખાસ કરી જુલાબ લેવા માટેજ અપાય છે.

સુચના—નાનાં બાળકોને કે નબળા દરદીઓને આ દવા આપવી નહિં. જુલાબ બંધ કરવું હોયતો સાકર વાળું પાણી પીવું અને ઉપર ખીચડી તથા ઘી ખાવા આપવું.

---

૧૮૩ મહાયોગરાજ ગુગળ.

બનાવટ—શુંઠ, પીપર, ચવક, પીપરીમુળ, ચિત્રકછાલ, શુધ્ધ હીંગ, અજમોદ, સરસવ, જીરૂં, શાહજીરૂં. રેણુંકબીજ, ઇંદ્રયવ. કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગી, વજ, મોએડાશીંગ એ દરેક એકેક તોલો ત્રીફલા ચુર્ણ તો, ૪૦ શુધ્ધ ગુગળનો સીરો તોલા ૬૦, લોહભસ્મ, અભ્રક ભસ્મ, ચાંદીની ભસ્મ, મંડુર ભસ્મ, બંગભસ્મ, નાગ ભસ્મ રસસિંદુર એ દરેક દવા ચાર ચાર તોલા લઇ તેને જુદી વાટી લેવી,

રીત—પ્રથમ ઉપરની દવામાંથી ગુગળનો પાણીમાં અવલેહ જેવો શીરો બનાવી તેમાં ઉપરનાં વસાણાંનું જીણું ચુર્ણ નાંખી મેળવવું. અને પછી તેમાં ભસ્મો નાંખી ઘુંટી મેળવી તડકે સુકાવી જરા ઘી વાળો હાથ કરી તેની ચણીબોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકવી બાટલી ભરી રાખવી. ગુગળ બનાવતાં ઘી વાળો હાથ હશે તો ચોંટવાની ધાસ્તી રહેશે નહિં. તેમ તપેલામાં દવાને બરાબર મેળવ્યા બાદ દવા કાઢી તેને ગરમ પાણીથી ધોઇ નાંખવાથી તે સાફ થઇ જાયછે.

પ્રમાણ—૨થી ૪ ગોળી સવાર સાંજ બે વખત. ઘી સાથે ચાટી ઉપર મહારાસ્નાદિ ક્વાથ પીવો.

ઉપયોગ—તમામ પ્રકારનાં વાત વ્યાધિ, મંદાગ્નિ, હરસ, ભગંદર, પ્રમેહ, પ્રદર, ઋતુદોષ, શ્વાસ, ખાંસી, વાયુ, કુષ્ટ, ક્ષય, વાતરક્ત, વિર્યદોષ, રજદોષ, ઉદાવર્ત, પાંડુ વગેરે તમામ દરદોનો નાશ કરવા આ દવા ઉતમ કામ કરે છે. વાયુની ખાસ દવા છે.

૧૮૪ વસંત કુસુમાકર રસ.

બનાવટ—સુવર્ણ ભસ્મ તો૦ ૨	અભ્રક ભસ્મ તો૦ ૨
લોહ ભસ્મ તો૦ ૩	રસસિંદુર તો૦ ૪॥

બંગ ભસ્મ તો૦ ૩ મુકતાપિષ્ટી તો૦ ૪
પ્રવાલપિષ્ટિ તો૦ ૪ કસ્તુરી તો૦ ૦।
ભીમસેની કપુર તો૦ ૦॥

રીત—પ્રથમની સાત દવાઓને ખરલમાં નાંખી ઘુંટી તેને ગાયનું દુધ, અરડુશીનો રસ, હળદરનો કવાથ, કેળના કંદનો રસ, ગુલાબના ફુલનો સ્વરસ, ચમેલીના ફુલનો રસ, તુલસીના પાનનો રસ, એ દરેકની એકેક ભાવના આપી સુકવી તેમાં કસ્તુરી તથા ભીમસેની કપુર મેળવી ઘુંટી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—માખણ અથવા મધ સાથે ઉપર દુધ પીવું.

ઉપયોગ—તમામ પ્રકારના પ્રમેહ, મધુપ્રમેહ, વીર્યશ્રાવ, નબળાઇ, ધાતુક્ષીણતા, સ્વપ્નશ્રાવ, પ્રદર, બહુમુત્ર, સોમરોગ વગેરે મટાડી અને શક્તિ આપે છે. વીર્યવર્ધક અને કામોતેજક છે.

---

૧૮૫ જયવટી.

બનાવટ—શુધ્ધ મનશીલ ૧ તોલો, શુધ્ધ હરતાલ ૧ તોલો, શુધ્ધ ગંધક ૧ તોલો, શુધ્ધ પારદ તોલો ૧॥ લઇ મર્દન કરી તેમાં તામ્રભસ્મ તોલા ૪॥ નાંખી ઘુંટી આકડાના દુધમાં તથા ભોંરીંગણીના રસમાં, ગળોના રસમાં, ત્રિફલાના કવાથમાં, ચિત્રકના અને ચવકના ઉકાળામાં જુદી જુદી એક એક ભાવના આપી મર્દન કરી એક ગોળો કરી લેવો. તે ગોળાને સુકવી તેનાપર આકડાનાં પાન વીંટીને ઉપર દશ કાપડ માટી કરી તેને સુકવી કુકુટ પુટમાં પકાવી લેવું. ઠંડુ થયા બાદ ઉપરની કપડ માટી તથા પાન વગેરે દુરકરી બહુજ સંભાળથી તેમાંનો ગોળો કાઢી લઇ ખરલમા ઘુંટી તેનું વજન સાત તોલા થાય તો તેમાં શુદ્ધ વછનાગ, ફુલાવેલો ટંકણખાર, પીપર, કાળાં મરી, એ દરેક દવાઓ ચૌદ ચૌદ આનીભાર તથા શુદ્ધ નેપાળો તોલા ૩॥

નાંખી સર્વને ઘુંટી તેને લીંબુનો રસ તથા આદુનો રસ નાંખી એકેક ભાવના આપી ઘુંટી મગ પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એક ગોળી વધુ જરૂર હોયતો બે ગોળી સવાર સાંજ દેવી.

અનુપાન—પતાસામાં મુકી ચાવી જવી અથવા મધ સાથે લેવી.

ઉપયોગ—કફજ્વર, વાતજ્વર, શ્વાસ, ખાંસી, મંદાગ્નિ, હરસ. પાંડુરોગ, ભગંદર વગેરેમાં ઠીક છે. ખાસ કરી આ ગોળાથી દસ્ત બે ત્રણ આવી પેટ સાફ થઇ જ્વર ઉતરી જાય છે. અનુપાન ભેદથી તમામ દરદમાં વપરાય છે.

---

૧૮૬ સૂતરાજ રસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, ફુલાવેલો ટંકણખાર. દરેક ચીજ એકેક તોલો, શુધ્ધ ધતુરાના બીજ તો. ૪

રીત—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ લઇ એક દિવસ ખરલમાં વાટી તેને ધતુરાના બીજ તો. ૧ તથા વછનાગ તો. ૧ લઇ તેનો ઉકાળો કરી તેના ત્રણ પટ આપવા. પછી ત્રિકટુ તો. રાા લઇ તેનો ઉકાળો કરી તેના પાંચ પટ આપવા. અને પછી અડદના દાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે ગોળી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—કફજ્વર શળેખમ શરદી ન્યુમોનીઆ ઇન્ફલુએંઝા વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૧૮૭ કર્પૂર રસ.

બનાવટ—શુદ્ધ હિંગળો, અફીણ. મોથ, ઈંદ્રજવ, જાયફળ, કપુર સર્વ સમભાગે લેવાં.

રીત—દરેકનું બારીક ચુર્ણ લઇ પાણીમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—પાણી સાથે.

સમય—દર ચાર કલાકે દિવસમા ત્રણ વખત લેવી.

ઉપયોગ—જવરાતિસાર, સંગ્રહણી, ઝાડા, રકતાતિસાર વગેરે મટે,

---

૧૮૮ ગંધક રસાયન.

બનાવટ—પ્રથમ ગંધક આમળસારો શેર ાા લાવી તેનો ભૂકોકરી તેને ઘી શેર ાા માં નાખી ધીમે તાપે ગરમ કરી જ્યારે તે રસ થાય ત્યારે એક વાસણ મોટું લઇ તેમાં દુધ શેર ૨ નાંખી ઉપર કપડું જીણું બાંધી તેના ઉપર ગરમ કરેલું ગંધક ઘી શાખે રેડવું ઘી અને દુધને વાસણમાં મુકી દઇ તેમાંથી ગંધક કહાડી લઇ તેને ગરમ પાણીથી ધોઇ સાફ કરી તેનો ભૂકો બનાવી ખરલમાં વાટવું અને તેને ગાયનું દૂધ, એલચીનો ઉકાળો, તજનો ઉકાળો, તમાલપત્રનો ઉકાળો, નાગકેશરનો ઉકાળો, ગળાનો રસ, હરડેનો ઉકાળો, બહેડાંનો ઉકાળો, આમડાનો ઉકાળો, શુંઠનો ઉકાળો, ભાંગરાનો રસ, તથા છેવટે આદુના રસની એમ દરેકની જુદી જુદી એક એક ભાવના આપી ઘુટતાં ઠીક સુકાય ત્યારે કપડે ચાળી લેવું.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

અનુપાન—બે આનીભાર સાકરના ભુકામાં દવા લઇ દુધથી ઉતારવી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મંદાગ્નિ, ખસ, ખરજવું, ચેળ, પાંડુરોગ, અંડવૃધ્ધિ, જીર્ણજવર, વાતરકત, પ્રમેહ, ધાતુક્ષય, શુળ, કુષ્ટરોગ, સોમરોગ, હરસ, વાતરોગ, રકતવિકાર, વગેરેમાં વપરાય છે.

પથ્ય—આ દવા ખાનારે મરચાં, તેલ, ખટાઇ, અને અથાણાં બંધરાખી દુધનું વધારે સેવન રાખવું.

૧૮૯ ગ્રહણીકપાટ રસ.

બનાવટ—શુંઠ, મરી, પીપર, શુધ્ધ ગંધક, ટંકણખાર ફુલાવેલો, શુધ્ધ પારદ, કોડીની ભસ્મ, શુધ્ધ વછનાગ એ દરેક દવા સમ ભાગે લેવી.

રીત—ઉપરની દવાનું બારીક ચુર્ણ લઇ પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ઘુંટી લીંબડાના પાનનો રસ નાંખ ઘુંટી અડદ જેવડી ગોળી બનાવી સુકવી રાખવી,

પ્રમાણ—૨થી ૪ ગોળી, દીવસમાં બે વખત.

અનુપાન—મરી, સાકર અને ઘી સાથે ઉતારવી. ઉપર પાણી પીવું,

ઉપયોગ—સંગ્રહણી અને ઝાડાના રોગમાં ઉતમ છે.

૧૯૦ ચંદ્રકળા રસ.

બનાવટ—શુંધ્ધ પારદ, તો. ૧ શુધ્ધ ગંધક તો ૨. તામ્ર ભસ્મ તો. ૧ અભ્રક ભસ્મ તોલો ૧ કડુ તો. ૧ ગળોસત્વ તો. ૧ ખંડસલીઓ તો. ૧ ચંદનનો ભુકો તો. ૧ વાળો તો, ૧, માધવી તો. ૧ સારીવા તો. ૧ સર્વનું બારીક ચુર્ણ લેવું.

રીત—ઉપરની માત્રાઓ ઘુંટી તેમાં ચુર્ણ મેળવી તે સર્વને નાગરમોથનો કવાથ, દાડમનો રસ, ધ્રોખડનો સ્વરસ, કેવડાનો સ્વરસ, દુધ, સહદેવીનો રસ, કુંવારનો રસ ખડસલીઆનો કવાથ. રામતુલશીનો રસ, સતાવરીનો કવાથ કે રસ, કાળીદરાખનો કવાથ એ દરેકની જુદી જુદી એકેક ભાવના આપી ઘુંટી સુકાવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન—જીરૂં અને સાકર અથવા દુધ કે માખણ સાથે અપાય,

ઉપયોગ—રક્તપિત્ત, પ્રદર, પ્રમેહ, સોમરોગ, પથરી, પિત્તજ્વર, દાહ, શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી અટકાવે અને ઠંડક આપે છે.

---

૧૯૧ લઘુલાઈ ચુર્ણ.

બનાવટ—શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, શુંઠ, મરી, પીપર, અજમો જીરૂં શાહજીરૂં સંચળ સિંધાલુણ બિડલુણ શુદ્ધ હીંગ એ દરેક દવા સમ ભાગે લઇ ચુર્ણ કરી તેના બરાબર વજનમાં કડાછાલનું ચુર્ણ કરી મેળવી દેવું.

પ્રમાણ—૨ થી ૪ આનીભાર (૪ થી ૮ વાલ)

અનુપાન—પાણી અથવા ચોખાનું ધોણ.

ઉપયોગ—દરેક પ્રકારના અતિસાર, સંગ્રહણી, શુળ, મરડો, આફરો, વાયુ વગેરે મટે છે. પાચન થાય છે.

---

૧૯૨ હિંગુલેશ્વર રસ.

બનાવટ—શુધ્ધહીંગળો, પીપર, શુધ્ધ વછનાગ, સમભાગે લેવાં. અને તેને પાણીમાં વાટી ત્રણ દીવસ ખરલમાં ઘુંટવું પછી અકેક ગ્રેનની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—વાતજ્વર, નવીન તાવમાં ઠીક છે.

પ્રમાણ—એકથી બે ગોળી, દીવસમાં ત્રણ વખત.

અનુપાન—પાણી સાથે લેવી.

---

૧૯૩ શૂળગજકેશરી રસ.

બનાવટ—શેકેલાં ઝેરકુચલા તો. ૨ શેકેલ કાંકચનીમીંજ તો. ૨
શુધ્ધ હીંગ તો. ૦ાા ટંકણ ખાર તો. ૦ાા

અજમો તો, ૦ાા	પીપર તો. ૦ા
પીપરી મુળ તો. ૦ા	ચવક તો. ૦ા
કાળાંમરી તો. ૦ા	શુંઠ તો. ૦ા
હરડે છાલ તો. ૦ા	સાજીખાર તો. ૦ા
સિંધાલુણ તો. ૦ા	યવક્ષાર તો. ૦ા
સંચળ તો. ૦ા	ગંધક શુધ્ધ તો. ૦ા
પારો શુધ્ધ તો. ૦ા લેવાં.	

રીત—દરેકને વિધીસર વાટી મેળવી તેને લીંબુના રસના ત્રણ પુટ આપી ઘુંટી ચણા જેવડી ગોળી વાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી,

સમય—દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—શુળ, વાયુ, આફરો, ચુંક. કબજીઆત, ઝાડા. અજીર્ણ વગેરે મટે છે.

---

૧૯૪ સમીરગજ કેસરી રસ.

બનાવટ—અશુદ્ધ ઝેરકોચલાંનો ભુકો તો૦ ૧ અફીણ તો૦ ૧ કાળાં મરી તો૦ ૧

રીત—નાગરવેલના પાનના રસમાં ત્રણેને ઘુંટી મગની દાળ જેવડી ગોળી વાળવી.

ઉપયોગ—ઝાડા તથા ઉલટી સાથેનો પેટનો દુખાવો, શુળ, વગેરે તરત મટે છે. વાયુને મટાડે છે.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

અનુપાન—પાણી સાથે.

---

૧૯૫ કાળો રસ.

બનાવટ—શુધ્ધ પારો તો. ૦॥ શુધ્ધ ગંધક તો. ૦॥ ફુલાવેલ ટંકણખાર તો. ૨. શુધ્ધ નેપાળો તો. ૩॥ એરંડીની મીંજ તો. ૪ શુંઠ તો. ૨॥ કાળાં મરી તો. ૧॥ નસોતરની છાલ તો. ૨॥ હરડે છાલ તો. ૬ એ દરેકનું ચુર્ણ લેવું.

રીત—પ્રથમની બે દવાની કજળી કરી તેમાં બીજી દવાઓ ઘુંટી મેળવી સાત દીવસ ખરલમાં વાટવું એટલે કાળો રસ થશે.

પ્રમાણ—રતી બે ભાર અથવા તેથી ઓછો. પ્રકૃતિ પ્રમાણે લેવાય.

અનુપાન— ગરમપાણી સાથે લેવું.

ઉપયોગ—પેટનું શુળ, શ્વાસ, ઉધરસ, સંગ્રહણી, વરાધ, અફીણનું ઝેર, હડખવા, પાંડુરોગ, જવર, શીળશ, વિષમજવર જીર્ણજવર, વિસ્ફોટક. મળવિકાર વગેરેમાં પેટ સાફ કરી જુલાબ લાવે. અને શરીરનું શોધન કરી ઉપરની દરેક વ્યાધિ મટાડે.

સુચના—જુલાબ બંધ કરવા ખીચડી, ઘી ખાવું અને તરસ લાગે કે જુલાબ બંધ કરવો હોયતો સાકર વાળું પાણી પીવું, અને જુલાબ ન લાગે તો તડકે બેસવું, અને ચહા પીવો.

---

૧૯૬ પશૂપતિનાથ રસ.

બનાવટ—શુધ્ધ પારદ. ગંધક, હિંગળો, શુંઠ, મરી, પીપર, લવંગ, સિંધાલુણ, સંચળ, વડાગરૂં મીઠું, હીંગ, લોહભસ્મ. કપુર, હરડેછાલ, ટંકણખાર, કોડીની ભસ્મ, શંખ ભસ્મ, છીપ ભસ્મ. દરેક ચીજ એકેક તોલો લેવી.

રીત—દરેક વસ્તુનું ચુર્ણ લેવું. તેમાં પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં હીંગળો મેળવી ઘુંટી બીજી બાકીની ચીજો મેળવી દઇ તેને લીંબુના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૩થી ૬ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—ઘી સાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

ઉપયોગ—અજીર્ણ, મંદાગ્નિ. અરૂચી, મોળ, ગુલ્મ, શુળ, ખરસ, લીવરની ગાંઠ, ટાઢી ગાંઠ વગેરે તમામ પેટનાં દરદો મટે છે,

---

૧૯૭ પ્રતાપ લંકેશ્વર રસ.

બનાવટ—શુધ્ધ પારદ ૧ ભાગ, અભ્રક ભસ્મ ૨ ભાગ
ગંધક શુધ્ધ ૧ ભાગ, મરી ૩ ભાગ,
લોહ ભસ્મ ૪ ભાગ, શંખ ભસ્મ ૮ ભાગ,
વછનાગ ૧ ભાગ, અડાયાછાણાની રાખ ૧૬ ભાગ

રીત—આ દવાને બારીક વાટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—સુવાવડી સ્ત્રીના તમામ રોગોમાં આ દવા અજબ કામ કરે છે. તાવ, ખાંસી, માથાનું દરદ, વાયુ, શરદી, આંચકી, ચુંક વાતરોગ, કફરોગ, ત્રિદોષ, અતિસાર, વગેરેમાં વપરાય છે. અને સારો ફાયદો આપે છે.

---

૧૯૮ પ્રદરારી રસ.

બનાવટ—રસસિંદુર તો૦ ૨ બંગભસ્મ, લોહભસ્મ, યશદ ભસ્મ, અફીણ, કેળનો કંદ, કમળનો કંદ, શતાવરી, એ દરેક તો. એક એક લેવાં

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ લઇ તેને ખરલ કરી તેમાં આશોપાલવની છાલના ઉકાળાની ત્રણ ભાવના આપી ઘુંટી ચણા જેવડી ગોળી વાળી રાખવી.

પ્રમાણ—૩થી ૬ રતીભાર,

અનુપાન—મધ સાથે ચાટી જવું.

સમય—સવાર, બપોર અને સાંજ ત્રણ વખત.

ઉપયોગ—તમામ જાતના પ્રદરને મટાડે છે.

૧૯૯ કલ્પતરૂ રસ.

બનાવટ—શુધ્ધ પારદ ૧ તોલો, શુધ્ધ ગંધક ૨ તોલા,
શુધ્ધ વછનાગ તોલો ૧, શુધ્ધ મનશીલ ૧ તોલો.
સુવર્ણ માક્ષિકભસ્મ તો, ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧
શુંઠ તો. ૨ પીપર તો. ૨
મરી તોલા ૧૦

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો અનુક્રમે ધીમેથી મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર,

અનુપાન—મધસાથે.

ઉપયોગ—કફજ્વર, શરદી, ખાંસી, શ્વાસ, હાંફણ, વગેરે મટે છે તથા મુર્છા વાળા દરદીને આ દવાની ચપટી ભરી નાકમાં નાંખવાથી શુદ્ધિ આવે છે. બાળકોના તાવ અને ખાંસીમાં ઠીક ફાયદો આપે છે.

૨૦૦ હેમાભ્રરસસિંદુર.

બનાવટ—અભ્રકભસ્મ રસસિંદુર અને સુવર્ણભસ્મ સમ ભાગે લઇ તેને આદુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી.

ઉપયોગ—ક્ષય, ખાંસી, શ્વાસ, પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ધાતુક્ષય નબળાઇ વગેરે મટે છે.

પ્રમાણ—૨ ગોળી. અનુપાન—દુધ સાથે સવાર સાંજ લેવી.

૨૦૧ શ્વાસચિંતામણી રસ.

બનાવટ—શુધ્ધ પારદ, ગંધક, તામ્રભસ્મ, શુક્તિભસ્મ, શંખ ભસ્મ એ દરેક એક એક તોલો તથા અભ્રક ભસ્મ તો. ૧॥ મુક્તા ભસ્મ તો. ०। સુવર્ણભસ્મ તો. ०। રૌપ્યભસ્મ તો. ०। સુવર્ણમાક્ષિક ભસ્મ તો. ૧ ટંકણખાર, વછનાગ, શુંઠ, મરી, પીપર, મનશીલ, કન કબીજ એ દરેક તોલો એક એક દરેકને સાફ કરી જુદાં જુદાં વાટેલાં લેવાં.

રીત—ઉપરની દવાઓમાંથી પ્રથમ માત્રાઓને ખરલમાં ઘુંટી તેમાં બીજી દવાઓનું બારીક ચુર્ણ મેળવી તેને ભોરીંગણીના ડોડવાનો, નગોડ અને આદુનો રસ જુદો જુદો કાઢી તેની એક એક ભાવના આપી ઘુંટી બારીક કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર. મધ અથવા પાણી સાથે દિવસ માં બે વખત સવાર સાંજ લેવી.

ઉપયોગ—પાંચ પ્રકારનો શ્વાસરોગ, છાતીનાં દરદ, હેડકી, ખાંસી, દમ વગેરે મટે છે.

---

૨૦૨ મનમથાભ્ર રસ.

બનાવટ—

શુદ્ધ પારદ તોલા ૪	શુદ્ધ ગંધક તોલા ૪
અભ્રક ભસ્મ તોલા ૨	ભીમસેની કપુર તો, ૧
બંગ ભસ્મ તો. ०॥	તામ્રભસ્મ તો. ०॥
લોહ ભસ્મ તો. ૧	વિદારી કંદ તો. ०।=
વરધારો તો. ०।=	શતાવરી તો ०।=
જીરો તો. ०।=	એખરો તો ०।=

કૌચબીજ તો. ૦।=	અતિવિષ તો. ૦।=
જાયફળ તો. ૦।=	લવંગ તો. ૦।=
ભાંગનાં બીજ તો. ૦।=	અજવાન તો. ૦।=
સફેદરાળ તો. ૦।=	બળબીજ તો. ૦।=

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં ભસ્મો મેળવી પછી બાકીની ચીજ નાંખી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—૨થી ૩ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ સાથે ચાટી જઇ અને ઉપર દુધ પીવું.

ઉપયોગ—ધાતુ ક્ષીણતા, નબળાઇ, વીર્યશ્રાવ, નસોની કમજોરી, સ્ત્રી પ્રસંગમાં મંદ ઉત્સાહ, અને શુક્રનું પાતળા પણું મટાડી અજબ શકિત લાવે છે.

---

૨૦૩ વાતરાક્ષસ રસ.

બનાવટ—પારદ શુધ્ધ, ગંધક શુધ્ધ, રસસિંદુર, અભ્રક ભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, નાગભસ્મ, દરેક તોલો એક એક લેવી. શુદ્ધ રસકપુર તો. ૦। શુંઠ, મરી, પીપર, લવંગ, સુખડ, હરડે છાલ, ચણોઠીનું મુળ. લીંબડાનો ગુંદ, ગોરડનો ગુંદ, એ દરેક તોલો અર્ધ અર્ધ લેવાં અને શીલાજીત તો. ૧ લેવી.

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ લઇ તેમાં માત્રાઓ મેળવી ખરલમાં નાંખી પછી તેને ચિત્રક, આદુનો રસ, એરંડાનાં મુળ. અને રાસ્નાનાં ઉકાળાની એકેક ભાવના આપી ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી રાખવી અથવા ભુકો રાખવો.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—ઘી સાથે દવા ચાટી ઉપર મહારાસ્નાદિ કવાથ પીવો.

ઉપયોગ—તમોમ જાતના વાતરોગ જેવાકે, પક્ષાઘાત, સંધીવા, લકવો, ઉરૂસ્તંભ, ગાંઠીયો વાયુ, અકડીયો વાયુ, ટચકયું, વગેરેમાં, ખાસ સંભાળ પુર્વક વાપરતાં સારો ફાયદો આપે છે. નવા અને જુના દરેક વાના દરદ માટે સારો ઉપાય છે.

૨૦૪ સુધાનીધી રસ.

બનાવટ—સુવર્ણ માક્ષિક ભસ્મ, મંડુર ભસ્મ, ફુલાવેલ ટંકણખાર એ દરેક એક એક તોલો, કચુરો, જીરૂં, નાગકેશર, કપુર, ચણકબાબ, મોથ, હરડેછાલ, ફટકડી એ દરેક તોલા ૦॥ અરધ લેવાં તેને સર્વને ઘુંટી કપડે ચાળી ખરલમાં નાંખી પછી તેને વાળો, દ્રાક્ષ, કમળનાં ફુલનો કવાથ પ્રથક પ્રથક બનાવી તેની એકેક ભાવના આપી ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી સાથે લેવી.

ઉપયોગ—શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી બંધ કરવા માટે આ દવા વાપરવાથી ઠીક ફાયદો આપે છે.

---

૨૦૫ શ્રીનીલકંઠ રસ.

બનાવટ—ચંદ્રોદય તોલો ૧ શુધ્ધ પારદ તો. ૦॥
સુવર્ણ તોલો ૦ (વરક લેવા) ગંધક તોલો ૦॥
અભ્રક ભસ્મ તો. ૦।= લોહ ભસ્મ તો. ૦।=
બંગભસ્મ તો. ૦।= છીપભસ્મ તો. ૦।=
રૌપ્ય ભસ્મ તો. ૦।= પ્રવાલ ભસ્મ તો. ૦।=
સુવર્ણ માક્ષિકભસ્મ તો. ૦।= મોચરસ તો. ૦।=
લીંબડાનો ગુંદ તો. ૦।= એલચી તો. ૦।=
જાવંત્રી તો. ૦।= હરડે છાલ તો. ૦।=
આમડાની છાલ તો. ૦।= ત્રીકટુ ચુર્ણ તો, ૧

રીત—ઉપરની દવાઓમાંથી પ્રથમ રસ જેવા પદાર્થ લઇ તેને ખરલમાં ઘુંટી તેમાં બીજી દવાઓનું બારીક ચુર્ણ મેળવી તેને શતાવરી, આસુંદ, મગમીજ,- શેમળાની છાલ, ખરખોડી (જીવંતી) એના

રસની કે કવાથની એકેક ભાવના આપી દવા ઘુંટી તેની રતીભારની ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગોળી સવાર સાંજ, બીજે માસે બબે ગોળી એમ અનુક્રમે દરમાસે એકેક ગોળી વધારતા જવી અને ઉપર દુધ પીવું.

ઉપયોગ—યુવાની ટકાવી રાખવા અને વૃધ્ધાવસ્થા આવતી અટકાવવા માટે તેમજ દિર્ઘ જીવન પ્રાપ્ત કરવા માટે આ પ્રયોગ ઠીક છે. શકિત વર્ધક તરીકે પણ સારો છે અનુપાન ભેદથી આ એકજ દવા તમામ રોગમાં વાપરી ફાયદો બતાવે તેવી બનાવટ છે.

---

૨૦૬ મહાલક્ષ્મીનારાયણ રસ.

બનાવટ—શુદ્ધ ગંધક, ટંકણખાર, શુધ્ધ ઝેરકુચલાં, શુધ્ધ હિંગુળ, નગોડનાંબીજ, અતિવિષ, પીપર, કડાછાલ, સિંધાલુંણ, વછનાગ, અભ્રકભસ્મ એ દરેક એક એક તોલો લેવાં.

રીત—ઉપરના ચુર્ણને દંતીમુળનાં ઉકાળાની તથા ત્રીફળાના ઉકાળાની અંદર ત્રણ ત્રણ દિવસ ખરલ કરવું. પછી સુકાય ત્યારે ગોળી બનાવી કે ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ થી ૧૨ ગ્રેન,

અનુપાન—મધ સાથે ચાટવું.

ઉપયોગ—તાવ, કફ ન્યુમોનીઆ, આંચકી, શરદી, છાતીમાં કફ કે શરદીથી નીકળતું શુળ, (પાશ્વશૂળ) વગેરે મટે છે, બાળકોની આંચકી માટે ખાસ વખણાયલી દવા છે,

સૂચનાં—બાળક માટે એકથી બે ગ્રેન દર બબે કલાકે દેવી કે જેથી તુરતમાં આંચકી માટે ફાયદો થાય છે.

૨૦૭ ગર્ભવિનોદ રસ.

બનાવટ--ત્રિકટુ તોલા ૩, શુધ્ધ હિંગળો તો. ૪,
જાવંત્રી તો ૩ લવંગ તો. ૩
સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૨

રીત—દરેકને બારીક વાટી પાણીમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક એક ગોળી સવાર બપોર અને સાંજ.

અનુપાન—રોગ પ્રમાણે સાદી વસ્તુઓનો ક્વાથ કરી તેની સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે.

---

૨૦૮ ભૂતભૈરવ રસ.

બનાવટ--શુધ્ધ પારદ, શુધ્ધ હરતાલ, શુધ્ધ મનશીલ, લોહ ભસ્મ, શુધ્ધ સુરમો, તામ્રભસ્મ, એ દરેક એકેક તોલો શુદ્ધ ગંધક તોલા ૧૨.

રીત—ઉપરની દવાને ખરલમાં ઘુંટી તેને બાળકના મુત્ર વડે ભાવના દઇ સુકાવી પછી તેને લોઢાની કડાઇમાં જરા જરા તાપથી શેકી લેવું અને પછી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—ગાયનું ઘી લઇ દવા તેમાં મેળવી ચટાડી ઉપર ત્રીકટુનો ઉકાળો કરી તેમાં ઘી તથા હીંગ નાખીને પાવો.

ઉપયોગ—ઉન્માદ, ગાંડપણ, વાઇ, હીસ્ટીરીયા, સૂતીકાઉન્માદ વગેરે મગજના વાયુ સબંધી દરદોમાં આ દવા ઠીક ગણાય છે.

---

૨૦૯ કામધેનુ રસ.

બનાવટ--રસસિંદુર, અભ્રકભસ્મ, નાગભસ્મ સુવર્ણમાક્ષિકભસ્મ, જસતભસ્મ, રૌપ્યભસ્મ, દરેક એકેક તોલો લઇ તેને ઘુંટી ખરલમાં રાખી તેમાં કેળના કંદનો રસ નાંખી એક ભાવના આપી ઘુંટી સુકાવા લેવું પછી તેમાં ભીમસેની કપુર તો. ૧ નાંખી દઇ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—પાણી કે દુધ સાથે સવાર સાંજ બે વખત લેવાય.

ઉપયોગ—બધી જાતના પ્રમેહ, પ્રદર, શુક્રમેહ, મધુમેહ, જીર્ણ જવર, ક્ષય, નબળાઇ વગેરે મટી શકિત આપે છે.

૨૧૦ કનકસુંદર રસ.

બનાવટ—મરી, શુદ્ધ ગંધક, હીંગળો શુધ્ધ, વછનાગ, શુધ્ધ પીપર, ટંકણખાર ફુલાવેલ, શુધ્ધ ધતુરનાં બીજ, એ સર્વ સમભાગે લઇ વાટી ભુકો તૈયાર કરી તેને ભાંગના રસમાં કે ઉકાળામાં ઘુંટીને રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨થી ૪ગોળી.

અનુપાન--મધ સાથે અથવા કડાછાલના ઉકાળા સાથે.

સમય—દર ચાર ચાર કલાકે અપાય.

ઉપયોગ—ઝાડો, મરડો અને સંગ્રહણીમાં વપરાય છે. અને તે માટે ઉતમ ગણાય છે.

૨૧૧ ચૈતન્ય રસ.

બનાવટ—ધોળાંમરી, પીપર, કાયફળની છાલ, પારો અને ગંધક એ ચીજો સમભાગે લેવી.

રીત--પારા, ગંધકની કજળી કરી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી ખરલમાં ઘુંટી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ--આ દવાની એક ચપટી ભરી દરદીના નાકમાં સુંઘાડવાથી મુર્છા મટી જાગ્રતી આવે છે.

૨૧૨ અગ્નિ રસ.

બનાવટ—શુદ્ધ પારદ ૧ ભાગ. શુદ્ધ ગંધક ૨ ભાગ,
પીપર ત્રણ ભાગ, મોટીહરડેની છાલ ૪ ભાગ
બહેડાની છાલ ૫ ભાગ, અરડુસીના પાન સુકેલાં ૬ ભાગ

રીત—બધાંને બારીક વાટી પારદ ગંધકની કજ્જલીમાં મેળવી ઘુંટી તેને બાવળની છાલના કવાથની ૨૧ ભાવના આપી ઘુંટી બાટલી ભરી રાખવી.

અનુપાન--મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

સમય—સવાર સાંજ બે વખત અથવા ચાર ચાર કલાકે,

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

ઉપયોગ--ગમે તે પ્રકારની ખાંસી, સ્વરભંગ, શ્વાસ અને ગળાનાં દરદો મટી કફ છુટો પડે છે, લોહી પડતું હોયતો બંધ કરી ક્ષયની ખાંસીને ફાયદો આપે છે.

૨૧૩ બત્રીશું કાટલું.

બનાવટ—શુંઠ તોલા ૫	શુંદ બાવળનો તો, ૨૦
મેથી તો, ૧	જાયફલ તો. ૦॥
જાવંત્રી તો. ૦॥	શતાવરી તો. ૦॥
ચીમેડ તો. ૧	નાગકેશર તો. ૦॥
તજ તો.૦॥	ખસખસ તો, ૧
પીપરી મુલ તો. ૦॥	વરેઆરી તો. ૧

તમાલ પત્ર તો. ૦ાા	પીપર તો. ૧
સુવા તો. ૧	વાવડીંગ તો ૦ાા
ગોખરૂ તો. ૧	મુશલી સફેદ તો. ૧
મુશલી કારી તો. ૧	કૌચબીજ તો. ૧
બલબીજ તો. ૨	મરી તો. ૧
વાપુંબા તો. ૧	કણીજડો તો. ૦ાા
ધાણા તો. ૧	જીરૂં તો. ૦ાા
એખરો તો. ૧	હળદર તો. ૦ાા
અશેરીઓ તો, ૧	ટાપરૂં તો. ૧૦
બદામબીજ તો. ૫	પીસ્તાં તો. ૫

રીત—ઉપરની દવાઓ સાફ કરી ખાંડી રવાદાર જાડો ભૂકો કરી લેવો, અને તેને ઘી તોલા ૧૦માં ભૂકો તો. ૪ નાંખી તળી લાલ કરી તેમાં ગોળ તો. ૧૦ તથા ઘઊંનો સેકેલો લોટ તો ૬ નાંખી કાટી બનાવી લઇ ઠંડું કરી ખાઇ જવી, આ કાટી દરરોજ સવારે ખાઇ ઉપર દુધ પીવું. અને પચે ત્યારે સાદો અને પૌષ્ટિક ખોરાક ખાવો,

ઉપયોગ—આ દવા સુવાવડી સ્ત્રીને માટે બહુજ અકસીર છે. અને તેથી શરીર મજબુત થાય છે. નબળાઇ મટી જઠરાગ્નિ તેજ થાય છે. શિવાય વાયુ. શરદી મટે છે. નબળા માણસો માટે પણ પૌષ્ટિક તરીકે સારી છે. આ દવા પાકના રૂપમાં બનાવીને પણ ખાઇ શકાય છે. અને ખપે તો ગુંદ વધારે નાંખી બનાવાય છે.

---

૨૧૪ હરિતકી અવલેહ.

બનાવટ—જવ તોલા ૨૫૬ દશમુળ તોલા ૮૦ હરડે સારી નંગ ૧૦૦ તથા ચિત્રક મુળ, પીપરીમુળ, અઘેડો, કચુરો, કૌચબીજ, શંખાવળી, ભારંગમુળ, ગજપીપર, બળદાણાનાં મુળ, પુષ્કરમુળ, એ દરેક આઠ આઠ તોલા લેવાં.

રીત—ઉપરની વસ્તુઓને અધકચરી કરી ખાંડી તેનાથી પાણી આઠગણું નાંખી કવાથ કરવો. ફક્ત હરડે ખાંડયા શિવાય આખીજ રાખી નાંખી દેવી. અને ચતુર્થાંસ પાણી બાકી રહે ઉતારી ગાળી લેવું પછી જે હરડે રહી હોય તેને ભાંગી માવો કાઢી લેવો અને ઠડીયા ફેંકી દેવા, માવાને કપડામાંથી દાબી લઇ છાણી લેવું તેને ઘી તોલા ૩૨ તથા તેલ તલનું તોલા ૩૨ લઇ તેમાં સેકી લેવું. અને ક્વાથમાં ગોળ તોલા ૪૦૦ નાંખી પાક કરવો, તેમાં ઉપરનો માવો નાંખી પાક કરવો. જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે તેમાં પીપર તો. ૧૬ નું ચુર્ણ તથા મધ તોલા ૫૦ નાંખી ઠંડુ થયે બરણી ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ાા તોલા. સવાર સાંજ બે વખત ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ક્ષય, ખાંસી, તાવ, દમ, હેડકી, હરસ, અરૂચી, પીનસરોગ, સંગ્રહણી, વગેરે મટે છે. અને દસ્ત સાફ આવે છે.

---

૨૧૫ કુટજાવલેહ.

બનાવટ—કડાછાલ તોલા ૪૦૦ લઇ ખાંડી તેનો પાણી તોલા ૧૦૦૦માં કવાથ કરવો. ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી લઇ ગાળી તેમાં ગોળ તોલા ૧૨૦ નાંખી અવલેહ બનાવવો. અને તેમાં રસવંતી, મોચરસ, શુંઠ, પીપર, મરી, હરડાં, બહેડાં, આમળા, રીસામણી, ચિત્રકમુળ, પહાડમુળ, બીલીફળ, ઇંદ્રયવ, વજ, શુધ્ધ ભીલામ, વાળો, અતિવિષ, વાવડીંગ, એ દરેકનું ચુર્ણ તોલા ચાર ચાર લઇ નાંખવું. ને તેમાં ઘી તોલા ૧૬ તથા મધ તોલા ૩૨ નાંખી બરાબર અવલેહ બનાવી રાખવો.

પ્રમાણ—૧થી ૨ તોલા, સવાર સાંજ બે વખત.

અનુપાન—છાસ, દુધ, દહીં, પાણી ઘી એમાંથી યોગ્ય લાગે તે.

ઉપયોગ—હરસરોગ, અતિસાર, અરૂચી, સંગ્રહણી, મરડો, પાંડુ, રકતપિત, કમળો અમ્લપિત, સોજા, કૃશતા, ઇત્યાદીમાં સારો ફાયદો આપે છે.

---

૨૧૬ કંટકાર્યાવલેહ.

બનાવટ—ભોરીંગણીનું પંચાંગ તોલા ૪૦૦ થોડું કચરી તેમાં પાણી તોલા ૧૦૦૦ નાંખી ઉકાળો કરવો ચોથા ભાગ પુરતું બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તોલા ૧૦૦ નાંખી તથા ઘી તોલા ૩૨ તલનું તેલ તોલા ૩૨ મેળવી ચૂલે ચડાવી પાક કરવો. અને અવલેહ જેવું થાય ત્યારે તેમાં ગળો, ચવક, ચિત્રક, મોથ, કાકડાસીંગી, શુંઠ. મરી, પીપર. ધમાસો, રાસ્ના, ભારંગમુળ કચુરો, એ દરેકનું ચુર્ણ તોલા ચાર ચાર લઇ નાંખી બરાબર પાક થએ ઉતારી નાખવું અને તેમાં મધ તોલા ૩૨, વંસલોચન તોલા ૧૬ પીપર તોલા ૧૬ ચુર્ણકરી મેળવી બરણી ભરી રાખી મુકવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા

અનુપાન—દુધસાથે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ક્ષય, ખાંસી, દમ, હેડકી, શ્વાસ, ફેફસાંનાં દરદો, કફરોગ વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૨૧૭ ઈત્રીફલ કસનીજ.

બનાવટ—પીળી હરડેની છાલ તો. ૧॥ કાબુલી હરડેનીછાલ તો. ૧॥
હીમજ હરડે તો. ૧॥ બહેડાંની છાલ તો. ૧॥
આમળાનું ચુર્ણ તો. ૪॥ ધાણાંનું ચુર્ણ તો. ૫

બદામનું તેલ તો. ૫ સાકર તો. ૨૦

મધ તો, ૪૦

રીત—પ્રથમ દરેક ચીજનું જુદું જુદું ચૂર્ણ લઇ તેમાં બદામનું તેલ મેળવી પછી મધ મેળવી દઇ તેનું ચાટણુ બનાવી બરણી ભરી રાખવી,

પ્રમાણ—ાા થી ૧ તોલો.

અનુપાન—દુધ અથવા સ્હેજ ગરમ પાણી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મગજનો દુખાવો, કબજીઆત, નજલો, ખોટી ગરમી, લોહી વિકાર, નેત્રરોગ આંખની રોશનીમાં ખામી થવી, રતાંધળા પણું માથાનું દર્દ વગેરે મટી પાચન શકિત સુધારે છે.

---

૨૧૮ દ્રાક્ષાદિ અવલેહ.

બનાવટ—કાળી દરાખ, જરદાલુ, મરી, સિંધાલુણ, સેકેલી ભાંગ, જીરૂં શુંઠ, સંચળ, લશણુની કળી, એ દરેક એકેક તોલો લેવાં ખજુર ઠડીયા વીનાનો તોલા ૫, હીંગ તોલો ૧, ગુલાબનાં ફુલ તોલો ૧, પીપર તોલો ૧. લીંબુનો રસ તો. ૨૦, ગોળ તો. ૨૦

રીત—પ્રથમ સુકી દવાઓ ખાંડી જુદી રાખવી પછી દરાખ, ખજુર, જરદાલુ વગેરેના ઠડીયા કાઢી નાંખી તેને વાટવા અને તેમાં ગોળ તથા લીંબુનો રસ નાંખી લોંદા જેવું થાય ત્યારે ઉપરનું ચુર્ણ તેમાં નાંખી ચાટણુ જેવું બનાવી બરણી ભરી રાખવી.

સુચના—આ દવા બનાવતાં વાસણુ ચીનીનું લેવું ઠીક પડે છે. ધાતુમાં કાટ લાગે છે માટે તે લેવું નહિં.

ઉપયોગ—આ ચાટણુ ભૂખ લગાડે, રૂચી પેદા કરે, દસ્ત સાફ લાવે તથા ખાધું પચાવે છે.

પ્રમાણુ—ાા થી ૧ તોલો લેવાય.

---

૨૧૯ નારસિંહ રસાયન.

બનાવટ—સતાવરી તો. ૬૪	ગોખરૂ તો. ૬૪
વારાહી કંદ તો. ૮૦	ગળો તો. ૧૦૦
ભીલામ શુધ્ધ તો, ૧૨૮	ચિત્રક છાલ તો, ૪૦
તલનું ચુર્ણ ૬૪	ત્રિકટુ તોલા ૩૨
સાકર તોલા ૨૮૦	મધ તોલા ૧૪૦
ઘૃત તોલા ૭૦	

રીત—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ તેમાં શુધ્ધ ભીલામનું ચુર્ણ તથા સાકરનો ભુકો મેળવી પછી તેમાં ઘીનું તમામ મોણ આપી પછી મધ નાંખી લેહ જેવો કરી બરણી ભરી રાખવી.

પ્રમાણ—ાા તોલાથી ૧ તોલો.

અનુપાન—દુધ.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાયુ, પિત અને કફના સંપુર્ણ રોગ, ભગંદર, હરસ, પ્રમેહ, નબળાઇ, કરચલી વળવી, પાંડુ, પીનસ, કુષ્ટરોગ, હલીમક, ક્ષય, મુત્રકૃચ્છ વગેરે તમામ વ્યાધિ મટાડી રસાયન વાજીકરણ ગુણ આપી નવયૌવન આપે છે.

સૂચના—આ દવામાં ભીલામ આવે છે. માટે તેનું સેવન કરનારે ગરમ મસાલા વાળો ખોરાક ન ખાવો અને રસાયન ઔષધી મુજબ લાંબો વખત પથ્ય રાખી દવા લેવી કે જેથી સારો ફાયદો થાય.

---

૨૨૦ સિતોપલાદિ અવલેહ.

બનાવટ—શુધ્ધ હિંગળો તો૦ ૨	લવંગ તો૦ ૧
અભ્રક ભસ્મ તો૦ ાા	સાબર શૃંગ ભસ્મ તો૦ ૧
સીતોપલાદી ચુર્ણ તો૦ ૪ાા	ગળો સત્વ તો૦ ૧

ઉપરની દવાઓને ખરલમાં વાટી તેમાં મધ તો. ૧૦ નાંખી ઘુંટી ચાટણ જેવું બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—૨ થી ૪ આનીભાર,

અનુપાન—ચાટણ ચાટી ઉપર અરડુસીનો કવાથ પીવો.

સમય—દિવસમાં ત્રણ વખત ચાટવો અને દવા ચાટી ઉપર કવાથ પીધા બાદ થોડું દુધ પીવું.

ઉપયોગ—ક્ષય, જવર, ખાંસી, હદયશુળ, સરદી, શળેખમ, જુના દરદોને લીધે થએલી ક્ષીણુતા મટાડી થતો ક્ષય અટકાવે છે ભુખ લગાડી ક્ષયમાં સારો ફાયદો આપે છે

---

૨૨૧ લાક્ષાદિ તૈલ.

બનાવટ—પીપળાની અથવા બોરડીની લાખ તોલા ૨૫૬, પાણી તોલા ૧૦૦૦માં નાંખી કવાથ કરવો. ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. અને તેમાં તલનું તેલ શેર ૧ ગાયની છાશ તોલા ૨૫૦, વરીઆરી, આસુંઠ, હળદર, દેવદાર, કુડુ, રેણુંકબીજ, મોરવેલ, કુષ્ટ જેઠીમધ, સુખડ, નાગરમોથ, રાસ્ના, એ દરેકનું ચુર્ણ એકેક તોલો, નાંખી દઇ ધીમે તાપે પાણી બળતાં સુધી તેલનો પાક કરી લઇ ઠંડુ કરી કપડેગાળી બાટલી ભરી રાખવી,

ઉપયોગ—વિષમજવર, શ્વાસ, કાસ, શળેખમ, કમર અને પીઠનું શૂળ વોયુ પિતનો કોપ, વાઇ, ઉન્માદ, ક્ષયરોગ, ભુતબાધા, ખરજ, પસીનાથી શરીરમાં વાસ નીકળવી, વગેરે દરદો આ તેલ શરીરે માલીશ કરવાથી મટે છે ગર્ભિણી સ્ત્રી જો આ તેલનું માલીશ કરે તો ગર્ભને પુષ્ટિ મળે છે, અને બાળક નિરોગી અવતરે છે.

સૂચના—ક્ષયના તાવમાં આ તેલ સારો ફાયદો આપે છે માટે થોડો વખત શ્રધ્ધા રાખી માલીસકરાવવું,

૨૨૨ નારાયણ તેલ.

બનાવટ—આસુંદ, બળબીજનાં મુળ, બીલીની છાલ, કાંકચ મોટી રીંગણી, ગોખરૂ, ખપાટનાં મુળ, લીંબડાની છાલ, અરલુની છાલ, સાટોળીનાં મુળ અને અરણી એ દરેક દવા તોલા ૪૦ ચાલીસ લેવી તેને અધ કચરી કરી તેમાં પાણી તોલા ૪૧૦૦ નાંખી ચોથા ભાગનો કવાથ કરી ગાળી લેવો તેમજ શતાવરી તોલા ૧૨૫ લઇ તેનો ૧૦૦૦ તોલા પાણીમાં કવાથ કરી તેનો ચતુર્થાંસ કવાથ રહે ઉતારી ગાળી લેવું પછી તેમાં ગાયનું દુધ તોલા ૧૦૦૦ તથા તલનું તેલ તોલા ૩૨૦ નાંખી સર્વ એક વાસણમાં નાંખી પકાવવું અને તેમાં નીચેની દવાઓનું ચુર્ણ કરી તેને પાણીમાં વાટી કલ્ક(ચટણી) કરી તે કવાથમાં નાંખી પચન કરવું. વજ, રક્તચંદન, કુષ્ટ, એલચી, જટામાસી, દગડ ફુલ, સિંધાલુણ, આસુંદ, ખપાટ, રાસ્ના, સુવા, દેવદાર, સમેરવો, ગંધી સમેરવો, જંગલી અડદનો છોડ, તગર. એ દરેક ચીજ ચાર ચાર તોલા લેવી. અને તેલમાં નાંખી તેલનો પાક સિદ્ધ થાય ત્યારે ઉતારી રાખવું. આ તેલને ગાળી સારા વાસણમાં ભરી લેવું.

ઉપયોગ—આ તેલ લગાડવા, પીવા અને પીચકારીના કામ માટે બહુ વખણાય છે. સર્વ પ્રકારના વાતરોગ જેવા કે:—પક્ષઘાત, હનુસ્થંભ, ગલગ્રહ, કુબડાપણું, બહેરાપણું, કેડઝલાવી, ઉરૂસ્થંભ, શોષ, જવર, ક્ષય, વધરાવલ, પડખાનું શુળ, અધ્રસી, શુક્રક્ષય, વાથીઝલાઇ જવું એવા તમામ દરદોમાં માલીશ કરવાથી સારો ફાયદો આપે છે.

---

૨૨૩ દશમૂલારિષ્ટ.

બનાવટ—દશમુલ તોલા ૮૦, ચિત્રકછાલ તો ૪ પુષ્કર મુલ તોલા ૪ લોદર તો. ૪ ગળો તોલા ૪ આંબળા તોલા ૪ ધમાસો તો. ૪ ખેરની છાલ તો. ૪ હરડેછાલ તો. ૪ કુષ્ટ, મજીઠ, દેવદાર, વાવડીંગ, જેઠીમધ, ભારંગી, કોંઠ, બહેડાં, સાટોડી, ચવક, બાલછડ,

ઘહુંલા, શતાવરી, શાહજીરૂં, સારીવા, નસોતર રેણુંકબીજ, રાસ્ના, પીપર, શોપારી, કચુરો હળદર, સુવા, પદ્મક, નાગકેશર નાગરમોથ, ઇંદ્રયવ, કાકડાશીંગ, વિદારી કંદ, આસુંદ, વારાહીકંદ, એક એકત્રીશ ચીજ દરેક બે બે તોલાલેવી. તથા કાળી દરાખ તોલા ૧૦૦ લેવી. આ સર્વ દવાઓને કચરી તેમાં પાણી તોલા ૨૫૦૦નાંખી કવાથ કરી ચોથા ભાગનું બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તેમાં મધ તોલા ૧૦૦ તથા ગોળ તોલા ૨૦૦ નાંખી પછી તેમાં ધાવડીનાં ફુલ તો. ૩૦, કબાબચીની, વાળો, સુખડ, જાયફળ, લવંગ, તજ, એલચી, તમાલ પત્ર, પીપર, નાગકેશર એ દરેકનું ચુર્ણ તોલા ત્રણત્રણ નાંખી બંધ કરી દોઢ માસ રાખી મુકવું, બરાબર તૈયાર થાય ત્યારે ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧થી ૨તોલા સવાર સાંજ બે વખત દવા જેટલુંજ બીજું પાણી લઇ તેની સાથે લેવું આ દવા સ્ત્રીરોગ, સુવારોગ અને બીજા જુના દરદો માટે ઘણીજ ઉપયોગી અને ઉતમ છે.

૨૨૪ ખદિરારિષ્ટ.

બનાવટ—ખેરની છાલ તો૦ ૨૦૦	દેવદારનું લાકડું તો ૨૦૦
બાબચી તો૦ ૫૦	દારૂહરદર તો૦ ૮૦
ત્રીફલા તો૦ ૮૦	પાણી તો૦ ૮૧૯૨

રીત—ઉપરની દવાઓને અધકચરી બનાવી પાણીમાં નાંખી કવાથ કરવો. જ્યારે અષ્ટમાંસ પાણી બાકી રહે ત્યારે ગાળી લઇ તેમાં

ધાવડીનાં ફુલ તો૦ ૮૦	નાગ કેશર તો૦ ૪
જાયફળ તો૦ ૪	કબાબચીની તો૦ ૪
લવંગ તો૦ ૪	એલચી તો૦ ૪
તજ તો૦ ૪	તમાલપત્ર તો૦ ૪
પીપર તોલા ૧૬	સાકર તોલા ૨૫૦
મધ તો૦ ૧૫૦	

ઉપરની ચીજોનું ચુર્ણ તથા મધ સાકર મેળવી બરણી ભરી રાખી આસવ દોઢ માસે તૈયાર થાય ત્યારે ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧। થી ૨॥ તોલા. સવાર સાંજ બે વખત પાણી સાથે.

ઉપયોગ—કુષ્ટરોગ, વાતરક્ત, પાંડુરોગ, હ્રદયરોગ, ગોળો. ગ્રન્થી, કૃમીરોગ, શ્વાસ, ખાંસી, બરલ, રક્તવિકાર, ખોટી ગરમી વગેરે મટી લોહી શુદ્ધ થાય છે. સારસાપરિલા તરીકે ઘણી જગ્યાએ વપરાય છે.

૨૨૫ કુટજારિષ્ટ.

બનાવટ—કડાછાલ તોલા ૪૦૦ મહુડાંનાં ફુલ તો. ૪૦
દ્રાક્ષ તોલા ૨૦૦ શીવણનાં મુળ તો. ૪૦

રીત—ઉપરની દવાઓને ૪૦૯૬ તોલા પાણીમા ઉકાળો કરી ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી દવાને છુંદી કપડાથી ગાળી લેવું. અને તેમાં ધાવડીનાં ફુલ તોલા ૮૦, ગોળ તો. ૪૦૦ નાંખી એક ઘી વાળા વાસણમાં અથવા બરણીમાં ભરી થોડા દિવસ ખુલ્લું રાખી ગેસ પેદા થતી બંધ થાય કે તેને બંધ કરી એક માસ રાખી મુકવું અને પછી કપડેથી ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨॥ તોલા.

સમય—બેથી ત્રણ વખત દિવસમાં.

અનુપાન—પાણી.

ઉપયોગ—અગ્નિમાંદ્ય, જ્વર, સંગ્રહણી, મરડો, રક્તાતિસાર વગેરે મટે. પેટના જુના દરદોમાં સારૂં કામ આપે છે.

૨૨૬ ચંદનાસવ.

બનાવટ—ચંદન, વાળો, નાગરમોથ, કમળનાં લીલાંફુલ (નાલોફર) માલકાંગણી, પદ્મક, લોદર મજીઠ, રક્તચદન, કાળીપાટ, કરીઆતું, કડુ, પીપર, કચુરો. ખડસલીઓ, જેઠીમધ, રાસ્ના, પરવળ,

કાંચનાર, મોચરસ, આંબાની છાલ, શીવણ, એ દરેક દવા ચાર ચાર તોલા, ધાવડીનાં ફુલ તોલા ૬૪, કાળી દરાખ તોલા ૮૦, પાણી તોલા ૨૦૪૮ સાકર તો. ૪૦૦ અને ગોળ તો. ૨૦૦ નાંખી દવાને કુટી એક મોટી બરણીમાં ભરી બંધ કરી દોઢ માસ રાખી દેવું.

પ્રમાણ—૧ાથી ૧ા તોલા સવાર સાંજ બે વખત પાણી સાથે.

ઉપયોગ—શુક્રશ્રાવ, શુક્રમેહ, નબળાઇ, મંદાગ્નિ, પ્રમેહ, ઉનવા પેશાબમાં કોઇપણ પદાર્થ જવો, મગજ ગરમ રહેવું. સ્વપ્નશ્રાવ વગેરે ધાતુ દોષની દરેક ફરીયાદ માટે છે. અને પાષ્ટિક તરીકે ફાયદો આપેછે.

૨૨૭ અર્જુનારિષ્ટ.

બનાવટ—અર્જુનવૃક્ષની છાલ તોલા ૪૦૦ દ્રાક્ષ તોલા ૨૦૦
મહુડાના ફુલ તોલા ૮૦ પાણી તોલા ૪૦૯૬

રીત—ઉપરની દવાઓને પાણીમાં નાંખી ક્વાથ કરી તેમાંથી ચોથો ભાગ બાકી રહે ત્યારે તેને ગાળી તેમાં ગોળ તોલા ૪૦૦ તથા ધાવડીનાં ફુલ તો, ૮૦ નાંખી એક બરણીમાં ભરી બંધ કરી દોઢ માસ રાખી ઉપરાંત ગાળી લેવું.

પ્રમાણ—૧ાથી ૨ા તોલા દિવસમાં બે વખત પાણી સાથે.

ઉપયોગ—હૃદયરોગ તમામ પ્રકારના ફેફસાંનાં દરદો માટે ખાસ વખણાય છે, બળ અને વીર્યને પણ વધારે છે.

૨૨૮ કર્પૂરાસવ.

બનાવટ—બજારમાં મળતો રેકટીફાઇડ દારૂ તો. ૪૦ કપુર તો. ૪ એલચી તો. ૧ તજ તો. ૧ શુંઠ તો. ૧ અજમોદ તો. ૧ મોથ તો. ૧ મરી તો. ૧ એ દરેકને ખાંડી દારૂમાં મેળવી એક માસ બાટલીમાં ભરી બંધકરી રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી લઇ તેમાં પાણી રતલ એક મેળવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૫ થી ૩૦ ટીપાં સુધી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—કોલેરા, ઝાડા, ચૂક, મરડો, અજીર્ણ અને બીજા એવા પેટના દરદોમાં તાત્કાળીક આરામ કરે છે.

---

૨૨૯ અમૃતારિષ્ટ.

બનાવટ— ગળોના વેલા ૪૦૦ તોલા. દશમુળ ૪૦૦ તોલા,
પાણી તોલા ૪૦૯૬

રીત—પાણીમાં નાંખી ચતુર્થાંસ ક્વાથ બાકી રહે ત્યારે તેમાં ગોળ તોલા ૪૦૦ નાંખી દેવું અને
જીરૂં તોલા ૬૪, અડસલીઓ તો. ૮ સાત્વીન તો. ૪ શુંઠ તો, ૪ મરી તો, ૪ પીપર તો. ૪ નાગરમોથ તો. ૪ નાગકેશર તો, ૪ કડુ તોલા ૪ અતિવિષ તો. ૪ ઇંદ્રયવ તો. ૪ એ સર્વના ભૂકો કરી બરણીમાં પેક કરી દોઢ માસ રાખી ગાળી લેવું.

પ્રમાણ—૧થી ૨ા તોલા દિવસમાં ત્રણ વખત પાણી સાથે.

ઉપયોગ—જુનો તાવ, મુદતનો તાવ, જીર્ણજ્વર વગેરે માટે અકસીર છે. ફીવર મીક્શ્ચર તરીકે સારૂં છે.

---

૨૩૦ અહિફેનાસવ.

બનાવટ—રેકટીફાઇડ દારૂ તો. ૨૦ અફીણ તો. બે મોથ જાયફળ ઇંદ્રયવ એલચી એ દરેક તો. ०ા અરધ લઇ દારૂમાં નાંખી દેવાં અને તેને એક બાટલીમાં ભરી રાખી એક માસ બાદ ગાળી તેમાં પાણી તો. ૨૦ નાંખી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ— ૧૦ થી ૨૦ ટીપાં સુધી.

સમય—દર બબે કલાકે

અનુપાન—પાણી તો. ૧। માં દરેક વખતે નાંખી આપવું.

ઉપયોગ—ઝાડો, કોલેરા, ચુંક, સંગ્રહણી, વગેરે મટે છે.

સૂચનાં--આ દવામાં અફીણ આવે છે માટે નાનાં મોટા દરેક દરદીને રોગના પ્રમાણમાં માત્રાનો વિચાર કરીને આપવી. ત્રીશ ટીંપાં દવામાં એક રતીભાર અફીણ આવે છે. માટે બાળકને આપતાં પુરતો વિચાર કરીનેજ દવા આપવી.

---

૨૩૧ અભયારિષ્ટ.

બનાવટ—હરડે છાલ તો. ૪૦૦ દ્રાક્ષ તોલા ૨૦૦
વાવડીંગ તોલા ૪૦ મહુડાના ફુલ તો. ૪૦

રીત—પાણી તોલા ૪૦૯૬ માં ઉપરની દવાઓ અધકચરી કરી નાંખી ઉકાળો કરવો. ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ઠંડુ કરી હાથથી ચોળી કપડેથી છાણી લેવું. તેમાં ગોળ તો, ૪૦૦ તથા ગોખરૂ, નસોતર, ધાણા, ધાવડીના ફુલ, ઇંદ્રવારૂણીના મુળ, ચવક, વરીઆરી, શુંઠ, દંતીમુળ, મોચરસ, એ દરેક દવા આઠ આઠ તોલા લઇ તેનું ચુર્ણ કરી તેમાં મેળવી દેવું, અને તેને ઉપરની દવામાં નાંખી દશ આસવની રીતે બરણીમાં રાખી તૈયાર કરવો. આસવ તૈયાર થએ ગાળી લઇ બરણી ભરી રાખવા.

પ્રમાણ—૧ાથી ૨ા તોલા,

સમય—દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અર્શ, સંગ્રહણી, ઉદરરોગ, પાંડુ, હૃદયરોગ, પ્લીહા, ગુલ્મ, સોજા, વગેરે મટાડી રકત શુદ્ધ કરે છે. અને જુના હરસને માટે બહુજ સારો ફાયદો આપે છે.

સુચના—આ દવા જુના હરસમાં થોડી વધારે પ્રમાણમાં આપવી. અને જરૂર જણાય તો ત્રણ ત્રણ કલાકે આપવી. જેથી સત્વર ફાયદો થસે.

૨૩૨ પિપલ્યાસવ.

બનાવટ—પીપર, મરી, ચવક, હળદર, ચિત્રક, નાગરમોથ, વાવડીંગ, શોપારી, લોદર, કાળીપાટ, આમડા, ચણકબાબ ચંદન, કડુ, લવંગ, તજ, તગર, જટામાસી, એલચી, તમાલપત્ર, ઘઉંલા, નાગકેશર આ દરેક ચીજો સરખે વજને એટલે બબે તોલા લઇ ખાંડી જાડો ભુકો કરી લઇ તેમાં પાણી તો. ૧૦૦૦ તથા ગોળ તો. ૪૦૦ ચારસોહ ધાવડીનાં ફુલ તો. ૪૦ તથા દ્રાક્ષ તો. ૧૦૦ એ સર્વ મેળવી એક બરણીમાં ભરી આસવની રીતે તૈયાર કરવું, એક માસ બાદ કપડે ગાળી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તોલા ૨ થી ૪ સુધી.

સમય—દીવસમાં બે વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ક્ષય, ગુલ્મ, ઉદરરોગ, કૃશતા, પાંડુરોગ, સંગ્રહણી, અર્શ વગેરે મટી શરીર સાફ થાય છે.

---

૨૩૩ કનકાસવ.

બનાવટ—ધતુરાનું પંચાગ તોલા ૧૬, અરડુંસીના મુળની છાલ, જેઠીમધ, ભોરીંગણી, કેશર, શુંઠ, ભારંગી, તાળીસપત્રએ દરેક એકેક તોલો, ધાવડીનાં ફુલ તોલા ૬૪ દ્રાક્ષ તોલા ૮૦ પાણી તોલા ૨૦૪૮ સાકર તો. ૨૫૦ મધ તોલા ૧૫૦ એ સર્વને સાથે મેળવી એક તપેલામાં નાંખી ચુલે ચડાવી ગરમ થતાં એક જોશ આવે ત્યારે ઉતારી ઠંડું કરી તેને એક બરણીમાં ભરી મુકવું. અને આસવની રીતે બરાબર તૈયાર કરી પાકે ત્યાર બાદ ગાળી કામમાં લેવું.

પ્રમાણ—૧થી ૨ તોલા તેટલાજ પાણી સાથે. દર ૪ કલાકે.

ઉપયોગ—ખાંસી, ક્ષય, શ્વાસનો રોગ, ઉરઃક્ષત, જીર્ણજ્વર, રક્તપિત વગેરે મટાડે છે.

૨૩૪ ઉશીરાસવ.

બનાવટ—વાળો, નેત્રવાળો, રાતાં કમળ, શિવણ મુળ, કાળાં કમળ, પ્રયુંલા, પદ્મકાષ્ટ, લોદર, મજીઠ, ધમાસો, કાળીપાટ, કરીઆતું, કડુ, વડની છાલ, ઉંબરાની છાલ, કચુરો, ખડસલીઓ, સફેદ કમળ. પટોલપત્ર, કાચનારની છાલ. જાંબુની છાલ, શેમળાની છાલ, એ દરેક વસ્તુનું જાડું ચુર્ણ તોલા ચાર ચાર લેવું તથા દ્રાક્ષ તોલા ૮૦ ધાવડીનાં ફુલ તોલા ૧૪, પાણી તોલા ૨૦૪૮, સાકર તોલા ૨૫૦, મધ તોલા ૧૫૦ એ પ્રમાણે લઇ તેને એક તપેલામાં નાંખી ચુલે ચડાવી થોડું ગરમ કરી ઉતારી ઠંડું કરી બરણીમાં ભરી રાખવું અને આસવની રીતે બરાબર પાક થાય ત્યારે કપડે ગાળી બાટલીએ ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ તોલા.

અનુપાન—તેટલાજ પાણી સાથે.

ઉપયોગ—રકતપિત, પાંડુ, કુષ્ટરોગ, પ્રમેહ, દાહ, અર્શ, કૃમી શોષરોગ, લોહીવિકાર, રકતશ્રાવ, વગેરે મટાડે છે.

---

૨૩૫ કુટજાદિકષાય.

બનાવટ—આંબાની ગોટલી, ઇંદ્રયવ, કડાછાલ, દાડમની છાલ, ધાવડીનાં ફુલ, બીલીનો ગરભ, ભાંગ, માયાંફળ, મોચરસ, રાળ, લોદર, વાળો, ખસખસ એ સર્વ દવા અકેક તોલો લઇ વાટી જાડું ચુર્ણ કરી લેવું.

રીત—તે કવાથ જેવા જાડા ઉપરના ચુર્ણમાં પાણી તો. ૧૬૦ નાંખી રાત્રે પલાળી મુકી સવારે ધીમે તાપે ઉકાળો કરી ચોથા ભાગનું બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી ફરી પાછું ધીમે તાપે ઉકાળો કરવો તે જ્યારે ૪૦ તોલામાંથી ૧૦ તોલા રહે ત્યારે ઉતારો તેમાં ઠંડુ થયા બાદ મધ તો. ૧૦ મેળવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩૦થી ૬૦ ટીપાં સુધી.

અનુપાન—પાણી સાથે અથવા ચોખાના ધોવણ સાથે.

સમય—દર ત્રણ ત્રણ કલાકે આપવું.

ઉપયોગ—અતિસાર, રકતાતિસાર, પ્રવાહીકા, આમ, સંગ્રહણી વગેરેમાં સારો ફાયદો આપે છે. અને જયાં અફીણ વાળી દવા આપવા વિરૂદ્ધ જણાય ત્યાં આ દવા સારૂં કામ કરી આપે છે, બચ્ચાંઓને પણ ઉપરનાં દરદોમાં સારો ફાયદો આપે છે.

---

૨૩૬ નાગરાદિ પાચન.

બનાવટ—શુંઠ, દેવદાર, ધાણા, ઉભીરીંગણી, બેઠીરીંગણી, સમ ભાગે લઇ કુટી જાડો ભુકો કરી તેમાંથી બે તોલા દવાને ૪૦ તોલા પાણીમાં નાંખી કવાથ કરી દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—તાવમાં આમનું પાચન કરવા માટે પ્રથમ આ કવાથ દર ચાર ચાર કલાકે આપવાથી તાવ ઉતરી જાય છે. અને આરામ થાય છે.

---

૨૩૭ પથ્યાદિ કવાથ.

બનાવટ—હરડા, બહેડા, આમડા, કરીઆતું, હળદર, લીંબડાની છાલ, ગળો એ સાતે દવા સમ ભાગે લઇ કવાથ જેવો જાડો ભુકો કરી તેમાંથી બે તોલા દવાનો ભુકો લઇ પાણી તોલા ૪૦ માં નાંખી ઉકાળો કરવો દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—ઉપરનો કવાથ લઇ તમાં થોડોક ગોળ નાંખી તે દર ત્રણ ત્રણ કલાકે લેવાથી માથાનું દરદ આંખ કાન અને લમણાનું શુળ આધાશીશી અને સૂર્ય ઉગતાંજ જે માથાનો દુખાવો થઇ બપોર

પછી ઘટી જાય તેસૂર્યાવર્ત રોગ, દંતપીડા, રતાંધળાપણું. આંખનું પડળ, ફુલું તથા નેત્રની પીડા વગેરે દરદોમાં ઠીક ફાયદો આપે છે.

---

૨૩૮ વાસાદિ કવાથ.

બનાવટ—અરડુસીનાં પાન, ગળો, ભોંરીંગણી, હીમજ, દ્રાક્ષ, દારૂ હળદર, કરીઆતું, લીંબડાની છાલ, સમભાગે લઇ કવાથ જેવો જાડો ભૂકો કરી કવાથનો ભૂકો તો. બે તથા પાણી તો. ૪૦માં ઉકાળો કરી દશ તોલા રહે ત્યારે ઉતારી ગાળી તેમાં મધ નાંખી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—તે ઉકાળો દર ત્રણ ત્રણ કલાકે લેવાથી, ખાંસી, તાવ. રકતપિત, કફજવર, પિતજવર, વગેરે મટે છે.

---

૨૩૯ બ્રાહ્મી કવાથ.

બનાવટ—બ્રાહ્મી, વજ, શતાવરી, ત્રીફલા, કડુ, બલા. ગરમાળો. કરીઆતું, લીંબડો, પટોલપત્ર, દ્રાક્ષ, દશમુળ એ સર્વ દવા સમભાગે લઇ તેનો જાડો ભુકો કરવો. તેમાંથી બે તોલા દવા લઇ પાણી તો, ૪૦માં કવાથ કરી જ્યારે તેમાં દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—ઉપરનો કવાથ દર ત્રણ ત્રણ કલાકે આપવાથી ચિતવિભ્રમ અને શન્નિપાતજવરમાં સારો ફાયદો બતાવે છે. મગજની ફરિયાદો માટે આ ઉપાય સારો છે,

---

૨૪૦ દ્વાત્રિશાંગ કવાથ.

બનાવટ—ભારંગમુળ, કરીઆતું, નીંબછાલ, મોથ, કડુ, વજ, શુંઠ, મરી, પીપર, અરડુશી. ઇંદ્રવારૂણી, રાસ્ના, ધમાસો, પટોળ,

હળદર, દેવદાર, કાળીપાટ, બ્રાહ્મી, શુદ્ધ કુચલા, દારૂહળદર, ગળો, નસોતર, અતિવિષ, પુષ્કળ, મુળ, ત્રાયમાણ, ભોંરીંગણી, ઉભીરીંગણી, ઇંદ્રયવ, હરડા, બહેડા, આમળા, કચુરો દરેક વસ્તુ સમ ભાગે લેવી.

રીત—દરેક ચીજને ખાંડી જાડો કવાથ લાયક ભુકો કરી લેવો અને તે ભુકો તોલા બે પાણી તોલા ૪૦માં નાંખી કવાથ બનાવી બાકી તોલા ૫ રહે ત્યારે ઉતારી કપડે છાણી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—તૈયાર **થએલો** પ્રવાહી કવાથ તોલા ૨॥ સવાર સાંજ લેવો.

ઉપયોગ—ત્રિદોષ, તેરજાતના, સન્નિપાત, શુળ, ખાંસી, દમ, કફ, ઉરૂસ્થંભ, વગેરે ભયંકર દરદોને મટાડે છે

---

૨૪૧ આયુર્વેદિક ચહા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, વરીઆરી જેઠીમધ, અકલકરો, તજ, લવંગ, એલચી, જાવંત્રી, શતાવરી, આશુંઠ, અનંતમુલ, ગોકીડો, આમળા, તુલશીનાં પાન, ગુલાબનાં ફુલ, ચોપચીની, નાગકેશર, નસોતર, વિદારી કંદ એ દરેક એકેક તોલો લેવાં. તથા દશમુળની દશ ચીજો, તોલા ૬૦ લેવી.

રીત—ઉપરની ૩૧ ચીજો લઇ કુટી જાડો ભુકો કરી રાખવો. તેમાંથી ૦। તોલો ભુકો દુધ તોલા ૨૦માં નાંખી ઉકાળો કરવો ને તેમાં સાકર તોલા બે નાંખી ઉભરો આવે ઉતારી લઇ કપડે ગાળી ઠંડુ થયે પી જવું,

ઉપયોગ—શરીરમાં ગરમી લાવે, વાયુ મટાડે, શરદી મટાડી કબજીઆતને તોડે તથા દસ્ત સાફ લાવી ભુખ લગાડે છે. દરરોજ ચહા તરીકે વાપરવાથી સારો ફાયદો આપે છે. દરેક વ્યકિત વાપરી શકે છે. ખપેતો અરધું પાણી અને દુધ નાંખી બનાવવી.

---

૨૪૨ રકતસ્થંભકકવાથ.

બનાવટ—લીંબડાની છાલ, વાળો, દારૂહળદર સમ ભાગે લઇ તેનો જાડો ભુકો કરીને બનાવી રાખવું.

રીત—કવાથની રીતે ૧ ભાગ દવા અને સોળભાગ પાણી નાંખી જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

પ્રમાણ—સુકો કવાથ તો. ૧ા પાણી તો. ૨૦ એને ઉકાળતાં તો. ૫ બાકી રહે તેના બે ભાગ કરવા અને તે સવાર સાંજ પીવવા.

ઉપયોગ—પેશાબ અથવા ઝાડા વાટે પડતું લોહી, બંધ કરી પેશાબની તથા શરીરની ખોટી ગરમી (ઉનવા) ને મટાડે છે.

---

૨૪૩ જસતનો મલમ.

બનાવટ—જસતની ભસ્મ (ઝીંકઓકસાઇડ) કે જે બજારમાં મળે છે તે તોલા ૨ા, તથા વેસેલાઇન તોલા ૨૦

રીત—પ્રથમ એક વાટકામા વેસેલાઇન ગરમ કરી તેમાં જસતની ભસ્મ મેળવી ઠંડુ થાય ત્યારે બરાબર હલાવી ડબીમાં ભરી રાખવું.

ઉપયોગ—ગરમીના દિવસોમાં અથવા ગરમીને લીધે છાલાં અથવા ગુમડાં થાય છે. તે ઉપર આ ઠંડો મલમ બહુજ ઠીક જણાય છે, બળેલા પછી જે ચાંદા રહે છે તે માટે ઠંડો અને સારો છે. મતલબ કે રૂઝવવાનું કામ ત્વરાથી કરે છે.

સુચના—મલમ લગાડયા બાદ જ્યારે સાફ કરવું હોય ત્યારે બાવળની છાલના ઉકાળેલા પાણીથી ધોવું.

૨૪૪ ખસનો મલમ.

બનાવટ—ગંધકનો ભુકો તોલા ૫ વેસેલાઇન તોલા ૩૫.

રીત—પ્રથમ એક ચીનીના મોટા પ્યાલામાં વેસેલાઇનને જરા અંગારા પર પીગળાવી લેવું. પછી તેમાં ગંધકનો ભુકો નાંખી હલાવી લઇ બાટલીમાં ભરી રાખવું. (ગંધક બરાબર મેળવીને પછી ભરવું)

ઉપયોગ—ખસ ખુજલી દાદર ચેળ ફોડા વગેરે ચાલુ દરદો તથા ખરજવું વગેરે જુના દરદો આ મલમથી અજાયબ રીતે મટી જાય છે.

સુચનાં—જ્યાં મલમ લગાડો ત્યાં હમેશાં ગરમ પાણીથી સાફ કરી પછી મલમ લગાડશો તો ઠીક અને તરત ફાયદો થશે અને ચમત્કાર જોઇ ખુશી થસો જો બને તો લીંબડાના પાનવાળું ગરમ પાણી વાપરવું વધારે સારૂં થસે.

---

૨૪૫ ખરજવાનો મલમ.

બનાવટ—ગંધકનો ભુકો તો. ૨॥ વેસેલાઇન તો. ૪૦
એસીડ સાલીસીલસ તો. ૧। બોરીક એસીડ તો. ૨॥
કપુરનો ભુકો તો. ૧। જસતની ભસ્મ (ઝીંકઓક્સાઇડ) તો. ૨॥

રીત—વેસેલાઇન ગરમ કરી તેમાં ઉપરની બીજી દવાઓ વાટીને મેળવી દેવી. બરાબર ઘટ થાય ત્યારે ઉતારી ડબીમાં ભરી લેવું.

ઉપયોગ—પ્રથમ ખરજવા વાળા ભાગને લીંબડાના પાનથી ગરમ કરેલા પાણી વડે ધોઇ સાફ કરી તેના ઉપર મલમ લગાડવો. આ પ્રમાણે નિયમિત દવા લગાડવાથી—સફાઇથી ડ્રેસીંગ કરવાથી થોડાજ વખતમાં ખરજવું મટે છે.

---

૨૪૬ રામબાણુ મલમ.

બનાવટ—તલનું તેલ તો૦ ૩૦ રાળ ઉંચી સફેદનો ભુકો તો૦ ૧૦ મોરથુથાનું ચુર્ણ તો૦ ૫

રીત—પ્રથમ રાળ અને મોરથુથાના ભુકાને તેલમાં નાંખી એક ચીનીની ગેંડીમાં નાંખી એકાદ કલાક સુધી ઘુંટયા કરવું. બરાબર મીશ્ર થઇ જાય ત્યારે તેમાં પછી થોડું થોડું પાણુ નાંખ્યા જવું અને ઘુંટતા જવું ઘુંટવા માટે હાથથીજ સારૂં ઘુંટાય છે. મજબુત માણસે બરાબર એવી રીતે ઘુંટવાનું છ થી બાર કલાક ચાલુ રાખવાથી અને દર પંદર મીનીટે તે પાણી કાઢી નાંખી બીજું તાજું પાણી નાંખવાનું ચાલુ રાખવાથી મલમ જેવો ચીકાશદાર મોટો લોદો તૈયાર થશે છેવટે પાણી નાંખતાં સફેદ રંગનું પાણી નિકળશે ત્યારે મલમ તૈયાર થયો સમજવો પ્રથમતો લીલા રંગનુંજ પાણી નીકળશે તે સર્વ કાઢી દેવું અને મલમ તૈયાર કરી પાણીથી નીતારી બરણીમાં ભરી રાખવું.

ઉપયોગ—ખરજવું, સડતાંચાઠાં, ધારાં, વ્રણ, જુનાં અને ચેપી તેમજ બળી જવાથી થઇ પડેલાં તમામ વ્રણ–જખમ સારા કરે છે. અને ભીં લાવી સંપુર્ણ રૂઝ લાવે છે. બહુજ અકસીર જણાયેલ છે.

---

૨૪૭ હરસનો મલમ.

બનાવટ—લીંબોળીઓનું મગજ તો, ૨ કપુર તો. **૧** રસવંતી તો. ૪ એ ત્રણને સાથે વાટી ખરલમાં ઘુંટી મલમ જેવું બનાવી ડબી ભરી રાખવી.

ઉપયોગ—હરસ વાળી જગ્યાએ મલમ લગાડવાથી રકતશ્રાવ, તથા સોજો મટી હરસની પીડામાં ફાયદો થાય છે.

સૂચના—હમેશાં મલમ રાત્રે લગાડવો. તથા સવારે દિશા જતી વખતે ગુદ પ્રક્ષાલન માટે જે પાણી લીધું હોય તેમાં ત્રણ ચાર

ટીપાં પીપરમેન્ટ તેલનાં નાંખી દેવાં, જેથી સારો ફાયદો થસે. અને ખાવા માટે દસ્ત સાફ આવે તેવી દવા પણ સાથે લેવી જોઇએ જેથી તુરતમાં ફાયદો થાય છે,

૨૪૮ કર્ણ બિન્દુ.

બનાવટ—ટીંચર ઓપીઅમ ટીપાં ૧૫ ટીંચર લવેન્ડુલા તો. ૧। ગ્લીસરાઇન તો. ૧।

રીત--દરેકને સાથે મેળવી હલાવી કરી બાટલીમાં ભરી રાખવું. અને તેનાં કાનમાં ટીપાં સવાર સાંજ નાંખવા.

ઉપયોગ—કાનનું શૂળ, ચસંકા, રસી આવવી, સોજો વગેરે મટી આરામ આપે છે.

૨૪૯ નેત્રાંજન.

બનાવટ—હરડા, બહેડા અને આંમડાની છાલ, તથા મધ અને ભીમસેની કપુર અને નાળીએરનું પાણી,

રીત—પ્રથમની ત્રણે દવાઓની છાલનો જાડો ભુકો તોલા દશ લેવો, તેમાં નાળીએરનું પાણી તોલા ૮૦ નાંખી રાત્રે પલાળી મુકવું. સવારે કલઇ કરેલા વાસણમાં તેનો સગડી પર ધીમી આંચે ઉકાળો કરવો જ્યારે માત્ર તો. ૧૦ પાણી રહે ત્યારે ઉતારી ઠંડુ થયે ગાળી લેવું અને તેને ફરી ધીમે તાપે ઉકાળી ઘન જેવું—શીરા જેવું થાય ત્યારે ઉતારી લેવું પછી તેમાં મધ તો. ૧ નાંખી ઘુંટી તેમાં ભીમસેની કપુર વાલ ૪ નાંખી દેવું અને મેળવી એક બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—આ દવા શીરા જેવી પ્રવાહી અને ચીકાસ દાર થસે. તેની શળી ભરી આંખે સુરમાની માફક અંજન કરવાથી—આંજવાથી અનેક ફાયદા થાય છે. રોશની વધે છે, ગરમી મટે છે રતાશ

મટે છે ફુલું મટે છે. ખીલ થતા અટકી જાય છે, પાંપણુનાં દરદો તથા પરવાળાં, ચીપડા, આંજણી, સોજો, રતાશ વગેરે મટી સારો ફાયદો આપે છે

સૂચના—આ દવા હમેશાં સુરમાની માફક રાત્રે સુતી વખતે આંજવી જોઇએ. અને ખાસ આંખનું દરદ હોય તો બપોરે પણુ આંજી શકાય નિરોગી માણુસ પણુ વાપરે તેમાં હરકત નથી ખાત્રી લાયક અનુભવી પ્રયોગ છે.

---

૨૫૦ નયનામૃત અંજન.

બનાવટ—શીશું (નાગ) શેર ૧ લઇ તેને ગરમ રસ જેવો કરી ત્રીફળાનો કવાથ, ભાગરાનો રસ, કમળની ડાંડીનો રસ, બકરીનું દુધ, ગાયનું ઘી, એ પાંચ ચીજમાં વારાફરતી સાત સાત વખત શુધ્ધ કરી લેવું. શુદ્ધ થયા બાદ જે શીશું રહે તેના સરખા વજને શુધ્ધ પારદ અને ગંધક અને તે સર્વના સરખે વજને શુધ્ધ કાળો સુરમો મેળવી એકદમ બારીક વાટી તેમાં પારદના વજન પ્રમાણે ભીમસેની કપુર નાંખી બારીક ઘુંટી કપડ છાણુ કરી બાટલીમાં ભરી લેવું.

ઉપયોગ—શુધ્ધ શીશાની શળી વળે આ અંજન આંખમાં આંજવાથી તમામ નેત્રરોગ મટી આંખની રોશની સાફ થાય છે. દરેક વ્યકિતને માટે આ અંજન સારો ફાયદો આપે છે. બની શકેતો ઉપર બતાવેલ શુધ્ધ શીશાની એક શળી હોય તે વડેજ આ અંજન આંજવું કે જેથી ગુણુમાં બહુજ ફાયદો થશે.

---

૨૫૧ શ્વેતાંજન.

બનાવટ—ઝીંક સલફેટ વાલ ૨ | બોરીક એસીડ વાલ ૫
ભીમસેની કપુર વાલ ૨ | ચીનાઇ સાકર વાલ ૫

રીત—ઉપરની દરેક ચીજ બારીક વાટેલી લેવી. તેને ખરલમાં મેળવી ઘુંટી શીશી ભરી રાખવી.

ઉપયોગ—આંખનાં તમામ દરદો જેવાં કે આંખ આવવી, રતાશ, ફુલું, છારી, પડળ, પરવાળાં, ઝાંખ, રતાંધળાપણું, વગેરેમાં આ અંજન શળી ભરી આંજવાથી સારો ફાયદો આપેછે અને તાપોડીયાં વગેરે મટાડી દ્રષ્ટિ સાફ બનાવે છે.

૨૫૨ ફીવર મિકશ્ચર.

બનાવટ—કુઇનાઇન સલ્ફ તો, ૫
એસીડ સલ્ફયુરિક ડીલ તો. ૧૦
એસીડ એસેટીક તો. ૫
એમોનીઆ ક્લોરાઇડ તો. ૧૦
લાઇકર આરસેનીક તો. ૨
ડીસ્ટીલ્ડ વૉટર તો. ૪૦૦
મેગનેસીઆ સલ્ફ તો. ૧૦૦

રીત—પ્રથમ કુઇનાઇનમાં એક પછી એક ચીજ નાંખી દઇ મેળવી તેમાં થોડું પાણી નાંખી જુદું રાખવું. પછી છેલ્લી દવામાં પાણી તો, ૨૦૦ નાંખી મેળવી કપડે ગાળી ઉપરના મીક્શ્ચરમાં નાંખી દઇ જોઇએ તેટલા પ્રમાણમાં રોઝકલર (લાલરંગ આવવા માટે) નાંખી બાટલી ભરી લેવી. દવા બનાવતાં વાસણ કાચનું લેવું.

પ્રમાણ—ાાથી ૧ા તોલા સુધી. બાળકને ૫થી ૧૦ ટીપાં.

ઉપયોગ—જવર વિષમજવર અને જુના નવા તાવ માટે બહુજ સારો ઊપાય મનાય છે. બજારમાં વેચાતાં મીકશ્ચરોની માફક આને પણ પેટંટ બનાવી વેચી વાપરી શકાય તેમ છે.

સૂચના—જોખમી તાવ વાળા કેસોમાં ડૉકટની સલાહ મુજબ રહેવું. આવી દવાને ભરોંશે બેસી ન રહેવું.

ભાગ બીજો સમાપ્ત.

વૈદ્યક ચિકિત્સાસાર.

એટલે

વૈદ્યો, ચિકિત્સકો, અને આયુર્વેદ પ્રેમી ડૉક-
ટરો તથા સર્વ ગૃહસ્થોને બહુજ ઉપયોગી
થનાર અમુલ્ય ગ્રન્થ.

કે જેને અનેક વિદ્વાનોએ

સરળ આયુર્વેદિક ફાર્માકોપીઆ

ની ઉપમા આપી તેના માટે બહુજ ઊતમ
અભિપ્રાય આપેલ છે

તે ગ્રન્થના આ બીજા ભાગના

અનુસંધાન માં ત્રીજો ભાગ લખાઇને તૈયાર થઇ રહ્યો છે.

તે થોડાજ વખતમાં છપાઈ પ્રગટ થશે. માટે તેમાંનું
સાહિત્ય વાંચવાનું ચુકશો નહિ.

કારણ કે તેમાં પણ આથી ઊતમ પ્રયોગોનો સંગ્રહ છે.

[આ ગ્રન્થ જોયા પછી તમારો અભિપ્રાય
અમને લખશો કે ?]